
# અધ્યાત્મ




વર્ષ : ૨૩ માર્ચ : ૨૦૦૨ અંક : ૬

Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of February.

## Form–IV ( See Rule–8 )

| | | |
|---|---|---|
| 1. | Place of Publication : | 'PARAMDHAM.' plot No. 1688 B, Sardar nagar, Bhavnagar–1 |
| 2. | Periodicity of its : publication | Monthly. |
| 3. | Printer's name, Nationality and address : | Narayan H. Jani, Indian. Plot No. 1688–B Sardarnagar, Bhavnagar. |
| 4. | Publisher's name, Nationality and address : | Same as above. |
| 5. | Editor's name, Nationality and address : | Same as above. |
| 6. | Name and addresses of individual who own the magazine and Partners, share–holders holding more than one percent of the total capital. | The Magazine is owned by pujya Shri Yogeshwarjee, Sarva Mangal Charitable Trust, Naranpura, Ahmedabad–13 |

I, Shri Narayan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my Knowledge and belief.

Dated. 17 th, March 2002

Narayan H. Jani
Publisher.

' વંદન હજારોવાર ગુરુજી અમારા '



મહાત્મા શ્રી યોગેશ્વરજી

જન્મ : ૧૫–૮–૧૯૨૧ લીલા સંવરણ : ૧૮–૩–૧૯૮૪

## * ભજ મન *

ભક્તને માટે ભગવાન જ સર્વ કાંઇ છે; અને ગુરુભક્તિમાં શિષ્યને માટે ગુરુ જ તારણહાર મનાય છે.

આ પૃથ્વી ઉપર સદ્‌ગુરુ પ્રત્યક્ષ પ્રભુના સ્વરૂપમાં આવે ત્યારે તેઓ જ સુખ અને શાંતિનું ધામ બની જાય છે.

શિષ્યની સાચી તપશ્ચર્યાથી જ તેવા સદ્‌ગુરુ પ્રસન્ન થાય છે. દુન્યવી પદાર્થોથી તો શિષ્ય સદ્‌ગુરુને પ્રસન્ન નથી જ કરી શકતો.

તનમનથી જો સદ્‌ગુરુને શરણે જવામાં આવે તો જીવનનું ધ્યેય સંપૂર્ણપણે પામી શકાશે. મંગલમય જીવનનું પ્રભાત સદ્‌ગુરુ-નાં શ્રીચરણે અનુભવવા મળશે.

આ પદ પણ નાનકડી ધૂન જેવું જ છે.

ભજ મન શ્રીગુરુદેવ,
યોગેશ્વર સુખધામ.
યોગેશ્વર ગુરુદેવા, યોગેશ્વર ગુરુદેવા.... ભજ મન૦

તારણહારા આપ છો મારા,
તપથી શીઘ્ર પ્રસન્ન થનારા,
મનહર મંગળ કામ, યોગેશ્વર સુખધામ... ભજ મન૦

સ્વયં જ્યોતિરૂપ શાંતિદાતા,
પ્રકટપુરુષ છો વિશ્વવિધાતા,
પરદુઃખભંજક શ્યામ, યોગેશ્વર સુખધામ.... ભજ મન૦

— મા સર્વેશ્વરી

o

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.

⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોર-ધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**

⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : **૨૦૨૧૬૧**

### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમં-ત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય શુભસંકલ્પ | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| શ્રીરામકૃષ્ણદેવના ભક્તિસૂત્રો–૧ | યશસ્વીભાઈ મહેતા | ૧૦ |
| કવિજનને | યોગેશ્વરજી | ૧૫ |
| માંડૂક્ય ઉપનિષદ્ (૩) | યોગેશ્વરજી | ૧૮ |
| કેલગિરી શિબિર–૨૦૦૧ | દક્ષેશ કોન્ટ્રેક્ટર | ૨૩ |
| પ્રણામનો પાસપોર્ટ | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૪૧ |
| પૂ. મા સાથેની પ્રશ્નોત્તરીનું સંકલન | તંત્રી | ૪૭ |
| પૂ. માની અનોખી લીલા | તંત્રી | ૪૮ |
| અધ્યાત્મનો અર્ક | યોગેશ્વરજી | ૫૧ |
| રામકથા | યોગેશ્વરજી | ૫૫ |
| અંતસમે | યોગેશ્વરજી | ૫૯ |
| વિવેકાનંદે જોયેલો પ્યાલો | મહાત્મા યોગેશ્વરજી | ૬૨ |


# * અભિનંદનીય શુભસંકલ્પ *

શ્રી વાસુદેવ શ્રી પદ્માબેન–[એડમન્ટન–કેનેડા]
શ્રીઅંબેલાલ શ્રી હંસાબેન–[ટોરન્ટો–કેનેડા]
શ્રીપ્રભુદાસ શ્રી રૂક્ષ્મણીબેન–[ટોરન્ટો–કેનેડા]

કેનેડાની આ ત્રીજી શિબિરની પૂર્ણાહુતિ પ્રસંગે આ ભક્ત ત્રિપુટીના મનઅંતરે શુભસંકલ્પ જાગ્યો.

અધ્યાત્મમાસિકનો માર્ચ ૨૦૦૨ ના અંકનો આર્થિક ભાર અમે સાથે મળીને ઉપાડીશું.

પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના ચરણકમળમાં પૂ. મા સર્વેશ્વરીની કૃપા–પ્રેરણાથી આ સત્કર્મ અર્પણ કરી રહ્યા છીએ.

* * *

હે ભક્ત ત્રિપુટી, આપનું સર્વ પ્રકારે સર્વ મંગલ થાઓ એવી પ્રાર્થના.

અતિશય મોંઘવારીમાં આપ જેવા થાંભલાઓના ટેકાથી અધ્યાત્મની ઈમારત ૨૨ વર્ષથી ગૌરવ સાથે ઉન્નત મસ્તકે ઊભી છે. એથી પણ આપ અભિનંદનના અધિકારી છો.

આભાર–અભિનંદન–આશીર્વાદ પ્રભુના.

—મા સર્વેશ્વરી.

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૩ માર્ચ–૨૦૦૨ અંક : ૬


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૭/૯/૮૧ સોમવાર, ભાદરવા સુદ આઠમ, ૨૦૩૭**

**સ્થળ : પ્રેસ્ટનશહેર–ઈંગ્લેન્ડ.**

વિદેશની ધરતી ઉપર એક માસ થઈ ગયો. આ એક નવો ઉતારો છે. પ્રથમ વાર યજમાન પરિવારના મકાનમાં રહેવાનું થયું. અત્યારસુધી સ્વતંત્ર ઉતારા હતા.

પૂ. શ્રીનો જે ઓરડામાં ઊતારો હતો તેને સવારે અંદરથી બંધ કર્યો ન હતો. પૂ. શ્રી સવારે સ્નાન, ગીતાપાઠ, વ્યાયામ પછી લેખનકાર્ય શરૂ કરે છે.

ઓરડો અંદરથી બંધ ન હતો એટલે એક ભાઈ ઓચિંતા પૂ. શ્રીને મળવા આવી પહોંચે છે. પ્રણામ કરે છે. તેઓ પૂ. શ્રીને કહે છે, "ગયા વખતે તમે આવ્યા ત્યારે પણ મેં આપને સાઉથઆફ્રિકા



માટે જવાનું આમંત્રણ આપ્યું હતું. તો હવે આવ્યા છો તો ક્યારે સાઉથઆફ્રિકા જઈશું ! અહીંથી બધી સગવડ થશે, હું પણ સાથે આવીશ. ત્યાંની પ્રજા ખૂબ ભાવિક છે."

પૂ. શ્રીને આ રીતભાત ન ગમી, પરંતુ તે ભાઈ અંદર આવી જ ગયા એટલે એકાદ બે વાક્યમાં જવાબ આપી કહ્યું, "સાડા અગિયારે શાંતિથી વાતો થશે, ત્યારે આવજો."

તે ભાઈને પોતાની ભૂલ સમજાઈ. ક્ષમા માંગી તેઓ વિદાય થયા. સાડા અગિયારવાગ્યે પૂ. શ્રીની કલમ બંધ થઈ. મુલાકાતીઓ માટે બારણું ખોલ્યું સૌ પ્રણામ કરીને બેઠા.

આજની મુલાકાતમાં માતાજીની માંદગી, સર્વેશ્વરીની વાતો થઈ. એના અનુસંધાનમાં સર્વેશ્વરીએ પૂ. શ્રીની અનંતશક્તિના ત્રણ પ્રસંગો કહી સંભળાવ્યા.

બે પ્રશ્નો પૂછાયા.

૧. સંસારીઓને ફરી જન્મ લેવો જ પડે ને સાધુઓ ફરી ન જન્મે એવું ખરું ?

૨. માયા ભગવાનની છે તો ભગવાન જ તે માયા દૂર કરે તો જ આસક્તિ ઓછી થાય ને ?

પૂ. શ્રીએ જવાબ આપતાં કહ્યું :

"માણસમાં સારીનરસી બે જાતની વાસના હોય છે. તે તે વાસના પૂરી કરવા જન્મ લેવો પડે. સાધુને પણ વાસના રહી જાય તો તેણે પણ જન્મ લેવો પડે."

"આપણે જ આસક્તિ વધે એવાં કામો કર્યા કરીએ છીએ ને પછી પ્રભુને દોષ આપીએ કે પ્રભુ જ માયા દૂર કરતા નથી.

આપણી પ્રાર્થનાને આસક્તિરહિત થવાના પ્રયત્નો ચાલુ જ રહેવા જોઈએ."

મુલાકાતનો સમય પૂરો થતાં સૌ વિદાય થયા. પવિત્ર આહાર-વિહારવાળા બ્રાહ્મણો અહીં પણ મળવા મુશ્કેલ, તેથી જાતે જ ભોજન બનાવવાનું નક્કી થયું.

ખીચડી, શાક ને દહીંનું ભોજન જાતે બનાવીને લીધું. ભોજન બાદ દરરોજની જેમ થોડો આરામ પછી લેખન શરૂ થયું.

સાંજે અર્ધો કલાક ધ્યાનમાં બેઠા. મુલાકાતમાં આજે નોંધને યોગ્ય કોઈ ચર્ચા ન થઈ. મુલાકાત પછી સૌ વિદાય થયા, ત્યારે સવારે જે ભાઈ આવ્યા હતા, જેઓ પૂ. શ્રીને સાઉથઆફ્રિકા લઈ જવા માગે છે, તેમણે પૂ. શ્રીને વિનતિ કરતાં કહ્યું : "આપ જરા વચ્ચે ઊભા રહો તો મારે પ્રદક્ષિણા ફરવી છે."

પૂ. શ્રી તે ભાઈની ભાવના મુજબ પલંગથી સહેજ દૂર ઊભા રહ્યા. તે ભાઈએ હાથ જોડી અગિયાર વાર પૂ. શ્રીની પ્રદક્ષિણા કરી."

સર્વેશ્વરીએ તેમને પૂછ્યું : તમે આત્મકથા પ્રકાશનાપંથે વાંચી હશે? તે ભાઈ : "ના, મેં તે વાંચી નથી. મારે ત્યાં તેઓ આગળના જન્મમાં જે હતા તે ફોટો છે. હું ઓળખું છું. એથી જ જેટલો લાભ લઈ લેવાય એટલો લઈ લેવા ઈચ્છું છું."

સમય થતાં નીચે ઉતર્યા. પ્રવચન માટે જવાનું હતું. બહાર ભારે વરસાદ શરૂ થયો. ઈંગ્લેન્ડમાં આ ઋતુ પ્રથમવાર જ જોવા મળી. થોડી જ વારમાં વરસાદ બંધ થયો.

થોડે દૂર વિશ્વહિન્દુ પરિષદનો હોલ છે, ત્યાં પૂ. શ્રીનું પ્રવચન



થયું. આજના પ્રવચનમાં વિદ્યારણ્યમુનિ ને મંત્ર ઉપર શ્રદ્ધાની વાતો વણી લેવામાં આવી.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયા. દૂધફળ લઈ આરામ.

પ્રેસ્ટનમંદિરના પ્રમુખ ભાવિક, સેવાભાવી ને શ્રદ્ધાળુ છે. એમણે અજાણ્યા ભાઈને પૂ. શ્રીનાં પુસ્તકનો સેટ જર્મની મોકલ્યો હતો. વળી પ્રેસ્ટનમાં પણ પૂ. શ્રીના ઘણાં પુસ્તકો તેમણે ભારતથી મંગાવ્યાં હતાં. એકવાર સાતસો સરળગીતા પણ પૂ. શ્રીના પુસ્તકો પૈકી મંગાવી હતી. કોઈ ભાઈએ તે સ્વજનોના સ્મરણાર્થે વહેંચી હતી.

પ્રેસ્ટનથી બોલ્ટનના માર્ગે આવતાં પીળારંગનાં બોક્ષ બંને બાજુ જોવા મળે. તેમાં એસોસીયેશનના ટેલીફોન હોય છે. કોઈની પણ ગાડી બગડે તો તરત જ તે માર્ગમાં જ્યાં જ્યાં તે બોક્ષ હોય તેમાંથી ફોન ઊંચકે એટલે તરત જ એસોસીયેશનની ઓફિસે તેની જાણ થાય ને તરત જ મદદ મળી જાય. દશ દશ મિનિટને અંતરે તે સગવડ જોવા મળી.

શહેરમાં સાંજે છ પછી રોડની બંને બાજુ ગાડી પાર્ક થઈ શકે, પણ તે ગાડી થોડી ફૂટપાથ ઉપર ચઢાવી દેવી જરૂરી છે, બોલ્ટનનો ઉતારો મુખ્યમાર્ગ ઉપર જ છે. જ્યાંથી દર સેકન્ડે એક ગાડી પસાર થાય છે. એટલો બધો વાહનવ્યવહાર છે છતાં શાંતિ અનુભવી શકાય છે.

**તા. ૮/૯/૮૧ મંગળવાર, ભાદરવા સુદ નોમ, ૨૦૩૭**

**સ્થળ : બોલ્ટન શહેર–ઈંગ્લેન્ડ.**

આજે સવારે નિયમ મુજબ બધું જ કામ થાય છે. સાડાઆઠે

પૂ. શ્રી લેખન શરૂ કરે છે. રામચરિતમાનસનો કાવ્યાનુવાદ ચાલી રહ્યો છે. કિષ્કિન્ધાકાંડ આજે શરૂ થયો છે.

સવારે ઠંડુ દૂધ પૂ. શ્રી લે છે. સાડા અગિયાર વાગ્યાની મુલાકાતમાં જે ભાઇબેનો આવ્યાં તેમને પૂ. શ્રીએ નજીક બેસવાનું કહ્યું. સૌ પ્રણામ કરીને બેઠા છે.

હમણાં હમણાં પૂ. શ્રીને કાનમાંથી નાદ ખૂબ મોટા અવાજમાં સંભળાય છે. જેથી બહારનું ઓછું સાંભળી શકાય છે. એ ઉપરથી વાત નીકળતાં પૂ. શ્રીએ કહ્યું : નાદબ્રહ્મ જે સાધકને સંભળાય તેને શાંતિની કોરી ચેકબુક મળી છે, એમ માનવું. મને ૧૯૪૬ થી આ નાદ સંભળાય છે."

રાધાસ્વામી સંપ્રદાયમાં નાદાનુસંધાનની ઉપાસના છે. સર્વેશ્વરીને પણ તે નાદ સંભળાય છે.

આ વાતચીત ઉપરથી સર્વેશ્વરીની વાતો શરૂ થઇ. પૂ. શ્રીની આજ્ઞામુજબ સર્વેશ્વરી પોતાના મૌનમંદિરના અનુભવો સંભળાવે છે. વળી પ્રેતયોનિ અંગે પણ સરસ પ્રશ્નોત્તરી થઇ.

સૌ વિદાય થયા. સર્વેશ્વરીએ ખીચડી, શાક, કઢીનું ભોજન બનાવ્યું. બેઠકના ઓરડામાં જ નીચે બેસી બે વાગ્યે ભોજન લીધું.

ભોજન બાદ થોડો આરામ કરી, ફરી લેખનકાર્ય શરૂ થાય છે. આજે સાંજની બેઠકમાં ભજનકીર્તનથી પણ આવેશ અંગેની ચર્ચા થઇ.

સમય થતાં પ્રવચનસ્થળે જવાનું બન્યું. પ્રથમ ત્યાં આવેલા મંદિરના દર્શન કર્યાં, પછી મંચ ઉપર બેઠક લીધી.



આજે મંત્રજપથી પ્રભુની કૃપાના અનુભવોનો વિષય પ્રવચનમાં પૂ. શ્રીએ વણી લીધો.

પ્રવચન બાદ દરરોજની જેમ સર્વેશ્વરી ભજન ગવડાવે છે. પછી મંદિરની આરતી થઇ. પ્રસાદ લઇ સૌ છૂટા પડયા.

પ્રવચન બાદ દૂધ વગેરે લઇ આરામ.

(ક્રમશઃ)

**સુવાક્ય**

આત્મોન્નતિનો રાજમાર્ગ સૌને માટે ઊઘાડો છે. કોઇને તેમાં વિશેષ અધિકાર નથી અપાયા ને કોઇને પ્રવેશબંધી પણ નથી થઇ.

યોગેશ્વરજી

ધ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ-૩૬૦૦૦૨

# શ્રીરામકૃષ્ણદેવના ભક્તિસૂત્રો-૧

સંકલન : યશસ્વીભાઈ મહેતા

શ્રીરામકૃષ્ણદેવે કળયુગમાં ભક્તિમાર્ગને જ યુગધર્મ કહ્યો હતો. અને સામાન્ય લોકો માટે આ લોક સુખશાંતિ તથા પરલોક સદ્‌ગતિ પ્રાપ્ત કરવા માટે ભક્તિમાર્ગ અપનાવવાની સલાહ આપી હતી. (૧) નારદ, શાંડિલ્ય તથા બીજા અનેક આચાર્યોએ ભક્તિની પરિભાષા વ્યાખ્યા વગેરે કરેલ છે. રામકૃષ્ણ સંઘના એક વરિષ્ઠ સંન્યાસી સ્વામી યત્તીશાનંદજીએ શ્રીરામકૃષ્ણ ગ્રંથમાંથી તેમના ભક્તિ વિષયક ઉપદેશોને ચૂંટી–ચૂંટી એક વિશિષ્ટ ક્રમથી સજાવી છે. એને લઈને ભક્તિ ને સાધના કેવી રીતે કરવી તે સમજવામાં ઘણી સહાયતા મળે છે.

## ૧. જીવનનો ઉદ્દેશ

(૧) ઈશ્વર દર્શન જ જીવનનો ઉદ્દેશ છે.

(૨) ઈશ્વર જ સત્ય છે અને બાકી બધું અનિત્ય છે.

(૩) ઈશ્વર રસસ્વરૂપ છે અને ભક્ત રસિક છે.

(૪) ઈશ્વર કલ્પતરુ છે એની પાસે જે કોઈ જે કાંઈ માગશે તે તેને જરૂર પ્રાપ્ત કરશે.

(૫) ઈશ્વર ચૈતન્યરૂપે આ ચરાચર વિશ્વમાં વ્યાપ્ત છે. ઈશ્વર જ ચૈતન્ય સ્વરૂપ છે.

(૬) એને કોઈ "અલ્લાહ" કહે છે, કોઈ "ગોડ". કોઈ "બ્રહ્મ" કહે છે, તો કોઈ "કાલી", કોઈ "રામ", "હરિ", "ઈસુ", "દુર્ગા", વગેરે કહે છે.



(૭) જે ઈશ્વરને પ્રાપ્ત કરી લે છે, તેનું દર્શન કરે છે, તે માયાને પાર કરી શકે છે.

(૮) બધા પદાર્થ અને પ્રાણી ઈશ્વરની શક્તિથી જ શક્તિમાન છે.

(૯) ઈશ્વર બંધન અને મુક્તિ એ બંનેનો માલિક છે. તેની દયા હોય તો મુક્તિ મળી જાય છે.

(૧૦) ઈશ્વર કર્તા અને બીજાં બધાં પ્રાણી એના હાથમાંના યંત્રો છે.

(૧૧) ઈશ્વરનું દર્શન થતાં મનના બધા સંશયો દૂર થઈ જાય છે.

(૧૨) ઈશ્વરની દયા થાય તો શું ન થાય? હજાર વર્ષના અંધકારપૂર્ણ કમરામાં દીવો લાવીએ તો અંધકાર શું થોડો થોડો કરીને જાય છે? નહિ, આખા ઓરડામાં એકસાથે અજવાળું થઈ જાય છે.

(૧૩) ઈશ્વર વિશે વિચાર કે તર્કો કરવાથી તમે શું એને સમજશો! ના, તમે તો એ જ કરો કે, જેનાથી ઈશ્વરના ચરણોમાં ભક્તિ થાય.

(૧૪) જ્યાંસુધી તમે પોતે જીવંત છો, સત્ય છો ત્યાંસુધી જગત પણ સત્ય છે. ઈશ્વરના નામરૂપ પણ સત્ય છે. ઈશ્વરને એક વ્યક્તિ સમજવી પણ સત્ય છે. અને તે ઈશ્વરને ભલા કોઈ જાણી શકે? અને એને જાણવાની આવશ્યકતા પણ શું છે?

આ દુર્લભ મનુષ્ય જન્મ પામીને તમારે તો કેવળ તેના પાદ-પદ્મોમાં ભક્તિ પ્રાપ્ત કરવાની જ આવશ્યકતા છે.

## ૨. ભક્તિયોગ જ યુગધર્મ છે

(૧) કળિયુગ માટે ભક્તિયોગ સહેલો માર્ગ છે. ભક્તિયોગ જ યુગધર્મ છે.

(૨) કળિકાલમાં ભક્તિયોગ જ, નારદીય ભક્તિ જ સરળ છે. ઈશ્વરના નામજપ, ગુણગાન અને વ્યાકુળ બનીને પ્રાર્થના કરવી. "હે ઈશ્વર, મને જ્ઞાન આપો, ભક્તિ દો, મને દર્શન આપો."

(૩) ઈશ્વરમાં જેવી થાય તેવી ભક્તિની ચેષ્ટા કરો. ભક્તિ પ્રાપ્ત કરવા માટે જ તમને મનુષ્યજન્મ મળ્યો છે, એમ સમજો.

(૪) જ્ઞાનયોગ પણ સાચો છે અને ભક્તિમાર્ગ પણ સાચો છે. જ્યાંસુધી મનુષ્ય "હું" રાખે છે ત્યાંસુધી ભક્તિમાર્ગ જ સરળ છે.

(૫) પ્રેમભક્તિ વસ્તુ, બાકી બધું અવસ્તુ છે.

(૬) કળિયુગમાં કર્મયોગ નહિ ભક્તિયોગ જ બરાબર છે.

(૭) ભક્તિમાર્ગે જ તેને આસાનીથી મેળવી શકાય છે.

(૮) હું કહું છું કે કામનાશૂન્ય ભક્તિ જ સાચી ભક્તિ છે. એનાથી વધું બીજું કાંઇ નથી.

(૯) જેઓ માર્ગ બરાબર જાણતા નથી, પરંતુ ઈશ્વરની ભક્તિ કરે છે, એને જાણવાની ઈચ્છા રાખે છે એવા લોકો કેવળ ભક્તિના બળથી જ ઈશ્વરને પ્રાપ્ત કરે છે.

(૧૦) શુદ્ધ ભક્તિ એ જ સાચી, બાકી બધું મિથ્યા.

(૧૧) હજાર લખતા-વાંચતા શીખો, ગમે તેટલું ભણોગણો, પરંતુ ઈશ્વરની ભક્તિવિના, એને પ્રાપ્ત કરવાની ઈચ્છાવિના બધું મિથ્યા છે.



(૧૨) ઈશ્વર મનુષ્ય અવતાર લઈને ભક્તિનો ઉપદેશ આપે છે, શરણાગત થવાનું કહે છે. જો સાચી ભક્તિ હોય તો એની કૃપાથી બધું ઠીકઠાક થઇ જાય છે. જ્ઞાનવિજ્ઞાન બધાની પ્રાપ્તિ થઈ જાય છે.

(૧૩) ભક્તિદ્વારા જ ઈશ્વરનું દર્શન થાય છે, પરંતુ પાકી ભક્તિ-પ્રેમભક્તિ, રાગાત્મિકા ભક્તિ જોઈએ.

(૧૪) ભક્તિથી પ્રાણ, મન ઈશ્વરમાં લીન થઇ જાય છે.

(૧૫) વિશ્વાસ અને ભક્તિ! એને ભક્તિવડે સહેલાઈથી પામી શકાય. તે ભાવનો વિષય છે, ઈશ્વરને પ્રેમ કરી શકવાથી જ તેને પ્રાપ્ત કરાય છે.

(૧૬) ભક્તિનું બીજ એક વાર મનમાં પડી ગયું તો તે નકામું જતું નથી; તેમાંથી ક્રમશ; છોડ, વૃક્ષ અને ફૂલ-ફળ ઊગે છે.

(૧૭) પ્રેમાભક્તિ રહેવાથી જ નિત્ય-અનિત્ય વિવેક થાય છે, ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે, ઈશ્વરદર્શન થાય છે.

(૧૮) પ્રહ્‌લાદ, નારદ, હનુમાન-આ લોકોએ પણ સમાધિ થયા પછીય ભક્તિભાવ અપનાવ્યો હતો.

## ૩. ભક્તિયોગ એટલે શું? ભક્તિયોગ શું છે?

(૧) હું દાસ છું, તમે પ્રભુ છો! હું ભક્ત છું, તમે ભગવાન છો આવા આવા ભાવોનો કે ભાવનાનો અભ્યાસ કરતાં કરતાં ઈશ્વરની પ્રાપ્તિ થઇ જાય છે. આનું નામ ભક્તિયોગ છે.

(૨) ભક્તિયોગનો અર્થ છે-ઈશ્વરના નામ, ગુણ, કીર્તન વગેરે કરતાં કરતાં મનને તેમાં જોડી રાખવું.

(૩) કુન્ડલીની શક્તિનું જાગરણ થતાંવેંત ભાવ-ભક્તિ, પ્રેમ

વગેરે બધું થાય છે. આનું નામ ભક્તિયોગ છે.

(૪) કેવળ પુસ્તક વાંચવાથી આ જાગૃતિ આવતી નથી. તેને બોલાવવા જોઇએ. વ્યાકુળ થવાથી જ, વ્યાકુળતાથી જ કુન્ડલીની જાગે છે.

(૫) ભક્તિનો શું અર્થ છે?–શરીર–મન–વાણીથી જ એનું ભજન કરવું. શરીરથી એટલે કે હાથથી તેની પૂજા–સેવા, પગથી માંડીને એના સ્થાનસુધી જવું, કાનદ્વારા તેના લીલાપ્રસંગો નામ–ગુણ–કીર્તન સાંભળવાં, આંખોથી એની મૂર્તિનું દર્શન કરવું. મનથી એટલે કે હંમેશા એનું ધ્યાનચિંતન કરવું અને વાણીથી અર્થાત્ પ્રભુનાં ભજન ગાવા તથા તેની સ્તુતિ કરવી.

(૬) જેની પાસે બહુ સમય નથી, તેઓએ સવારસાંજ બંને હાથોથી તાળી વગાડી–વગાડી એકાગ્રચિત્તે "હરિ બોલ, હરિ બોલ" કરતાં ભજન કરવું.

(૭) પુરાણો તથા ભક્તિશાસ્ત્રો કહે છે કે ઈશ્વર પોતે જ ચોવીસ તત્ત્વો બનીને વિશ્વમાં રહ્યો છે, તેથી તેને પોતાની અંદર–બહાર પૂજા કરો.

(ક્રમશઃ)



## * કવિજનને *

મનુકુળનું મંગલ કરનારી, કવિતા હે કવિ ગાજે,
જગતતણા ક્રંદન હરનારી, સુરાવલી ગા આજે. મનુકુળનું૦

વિષમય વાયુ વહે સંસારે, તેમાં અમૃત ભરવું મારે;
સબસરખા માનવ કૈં ફરતા, સુહાવવા સંજીવનધારે,
પૃથ્વીના પરિતાપ હરે તે, કવિતા હે કવિ ગાજે. મનુકુળનું૦

કષ્ટ કારમાં, રોદન કૈંનાં, કુસંપની હોળી છો થાયે;
ભેદભાવનો નાશ ભલે હોં, હિંસા ના દેખાયે ક્યાંયે,
અશાંતિમાં શાંતિ ભરી દેતા, બોલ જરીક અવાજે. મનુકુળનું૦

અભિનવ વર્ષાજેવી તારી, કવિતા પ્રગટ કરી લે ન્યારી;
વાહન મુજને કરતાં ભર તું, ભૂખ્યાંના ભોજનની થાળી,
માનવતાનું ખાતર બનતા, પ્રકટી લે સ્વર તાજે. મનુકુળનું૦

સમય ન હો બરબાદ નકામો, શક્તિ ના ખરચાયે;
કલમ કલંકિત થાય ન જોજે, માનવ ના ભરમાયે,
પાવન પ્રકાશ દે, પ્રાણ બને, કવિતા તો ના લાજે. મનુકુળનું૦

— યોગેશ્વરજી

પ્રાર્થના બાળકની જેમ ભાંગ્યાતૂટયા શબ્દોમાં પણ થઇ શકે છે. તેને માટે અમુક મંત્રો, ગીતો કે અમુક સ્તોત્રો હોવાં જોઇએ એવું કશું જ નથી. તે હોય તોપણ ઠીક ને ના હોય તોપણ ઠીક. પણ તે સહજ હોવી જોઇએ. અંતરના ઊંડાણ-માંથી ઉત્પન્ન થયેલી હોવી જોઇએ, ને તેની પાછળ ભાવનો ભંડોળ હોવો જોઇએ. એવી પ્રાર્થના સફળ થાય અને શાન્તિ પણ આપે. **યોગેશ્વરજી**


સૌજન્ય :

## * યોગકૈવલ્યમ્ *

યોગ એન્ડ ટોટલ હેલ્થ રીસર્ચ સેન્ટર

**ડો. હિમાંશુ પાઠક * શ્રીમતી હેમીના પાઠક * શ્રીમતી મીરાદેસાઇ**

સરદારપુલ પાસે, વિશાલનગરની બાજુમાં, ક્રાઉન રેસ્ટોરન્ટની ગલી, પાણીની ટાંકી પાછળ, ભુલકા ભુવન સ્કૂલ નજીક, અડાજણ રોડ, સુરત.

ફોન : ૨૬૯૫૫૩૮, ૨૬૯૫૫૧૮ * રહેઠાણ : ૨૭૭૯૨૮૩
મોબાઇલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E-mail : modernyogee@hotmail.com.
Visit us at : www.yogkaivalyam.com


ભગવાનના ભક્તોની દશા જુદી જ હોય છે; ભગવાનના સ્વરૂપનું નિરંતર ધ્યાન ધરવાથી તે ભગવાનમય થઇ જાય છે. ભગવાનના ગુણાનુવાદ ગાવામાં તેમને આનંદ આવે છે. તે વિના તેમને કંઇ ગમતું નથી. રસોઇ ગમે તેટલી સુંદર ને સ્વાદિષ્ટ હોય તોપણ મીઠાવિના તેની મજા અધૂરી જ રહી જાય છે. મીઠું તો જીવન છે, ઉત્તમ રસ છે. તેની આવશ્યકતા આરોગ્ય માટે ઘણી વધારે છે, તે પ્રમાણે ભગવાનના પ્રેમરસવિના ભક્તોને જીવનનો પૂરેપૂરો આનંદ મળી શકતો નથી. ભક્તોનું જીવન તેના વિના સૂકું બની જાય છે. માટે ગમે તે ઉપાયે, ભગવાનના પરમ પવિત્ર પ્રેમનો સ્વાદ લઇને ભગવાનની સાથે તન્મય બની જવામાં તે પોતાનું અહોભાગ્ય સમજે છે. **યોગેશ્વરજી**


સૌજન્ય :

જ્યોતિષ વિષયક સચોટ માર્ગદર્શન, ધાર્મિક પૂજનવિધિ,
કોમ્પ્યુટરાઇઝ જન્માક્ષર

## * મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય *

**પ્રોફેસર શ્રી વિજયભાઇ પંડિતજી**

જ્યોતિષાચાર્ય (ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ) (એમ.એસ.યુનિ.)
૨૦૧/બી, સ્નેહસુધા, સુરસાગર સામે,
મ્યુઝીકલ કોલેજની બાજુમાં, દાંડીયા બજાર, વડોદરા-૩૯૦૦૦૧..
ફોન નં. ૪૩૬૨૧૬, ૪૩૫૩૭૧ ફેક્સ નં. ૯૧ (૨૬૫) ૪૩૫૩૭૧
વેબસાઇડ : www.VijaybhaiPanditji.com
Email : vijaybhaiPanditji@hotmail.com

# માંડૂક્ય ઉપનિષદ્ (૩)

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

## (૪) બધું ૐરૂપ જ છે.

શાંતિપાઠની એવી સુંદર ભાવના સાથે આ ઉપનિષદ્ શરૂ થાય છે. વિદ્વાનોને માટે આધારભૂત ને મનન કરવાયોગ્ય કહેવાયેલાં દસ ઉપનિષદોમાં આ ઉપનિષદ્ છેક નાનું છે. તેમાં બધા મળીને બાર જ મંત્ર છે. પરંતુ ઘણું સારું મનાય છે, ને વખણાય છે. આ ઉપનિષદ્ની ગાગરમાં તત્ત્વજ્ઞાનના સારનો સાગર સમાવી લેવામાં આવ્યો છે એમ કેટલાક વિદ્વાનો ને વિચારકોનું માનવું છે, આ ઉપનિષદ્માં મોટે ભાગે ૐકારની જ વિચારણા રજૂ કરવામાં આવી છે, ને ૐકારની જુદી જુદી માત્રા વિશે વિવરણ કરી ૐકારની ઉપાસનાનું ફળ બનાવવામાં આવ્યું છે.

પાતંજલ યોગદર્શનમાં ૐકારને પરમાત્માનું નામ કહેવામાં આવ્યું છે ને પરમાત્માના પ્રતીક તરીકે તેની ગણના કરી છે; તે પ્રમાણે આ ઉપનિષદ્માં પણ ઋષિ ૐકાર પરમાત્મારૂપ જ છે એમ કહે છે. પરંતુ વધારામાં એક બીજો ઉત્તમ વિચાર પણ રજૂ કરે છે. સામાન્ય રીતે એમ મનાય છે કે પરમાત્મા પોતે જ સંસારના રૂપમાં મૂર્ત કે પ્રકટ થયા છે. પરમાત્મા એક ને અદ્વિતીય છે એમ કહીએ ને તેમને બધે વ્યાપક ગણીએ છતાં સંસારની હયાતી તેનાથી અલગ માનીએ, તો પરમાત્માની એકતા ને મહાનતામાં દોષ આવે છે, ને પરમાત્મા અને સંસાર એવાં બે તત્ત્વોને માનવાં પડે છે. એટલે તે વિચારને સદોષ સમજીને પરમાત્મા એક



છે, અભિન્ન છે, ને સંસારના વિવિધ સ્વરૂપે પણ તે જ વ્યક્ત થયા છે એમ માનવું ડહાપણભર્યું ને બરાબર લાગે છે. આ ઉપનિષદ્ના આરંભમાં ઋષિ આપણને એ જ સત્યની પ્રતીતિ કરાવે છે ને કહે છે કે આ બધું ૐ અક્ષર કે અવિનાશી ૐરૂપ જ છે.

ओमित्येतदक्षरमिदं सर्वम् ।

સર્વમ્ એટલે બધું જ. બધું જ? હા. બધું જ. ભૂતકાળમાં જે થઇ ગયું છે, વર્તમાનમાં થઇ રહ્યું છે, ને ભવિષ્યમાં થવાનું છે, તે બધું જ સર્જન પરમાત્મામાંથી પ્રકટ થયેલું ને પરમાત્મારૂપ છે. સૌના રૂપમાં પરમાત્મા પોતે જ વિલસી રહ્યા છે. એ જ મહાન ને અવિનાશી પરમાત્મતત્ત્વ બધા પદાર્થોમાં પ્રવેશીને બધા રૂપે રમી રહ્યું છે. જે દેખાય છે, સંભળાય છે ને અનુભવાય છે, તે તેનું જ સ્વરૂપ છે, એનો જ એકમાત્ર આવિર્ભાવ છે, એમ સમજવાનું છે. ઉષાના રૂપમાં વહેલી સવારે એ જ ઊગે છે ને સૂર્યના સ્વરૂપે પ્રકાશે છે. તારા ને ચંદ્રના રૂપમાં એ જ ચારુ લાગે છે. નદી, ઝરણાં, સરોવર ને સાગરના સ્વરૂપમાં એ જ પોતાના સુમધુર સંગીતસ્વરે વહ્યા કરે છે, ને પર્વતના રૂપમાં એ જ અચળ બની હસ્યા કરે છે. પુષ્પોમાં ને પંખીની સુમધુર સુરાવલિમાં પણ એ જ છે. વરસતા વરસાદમાં એ જ પોતાનું સુમધુર સંગીત ગાતાં ધરતીને ભેટે છે ને વાદળમાં એ જ ગર્જે છે. પશુ, પંખી ને મનુષ્યમાં તે જ પ્રકાશે છે. ટૂંકમાં કહીએ તો સંસાર તેનું જ રૂપ છે. તેના વિના કોઇનું અલગ કે સ્વતંત્ર અસ્તિત્વ હોઇ શકતું નથી.

સામાન્ય રીતે અનુભવ કે વિવેક વિનાના માણસને આ વાત શેખચલ્લીના તરંગ કે ટાઢા પહોરનાં ગપ્પાં જેવી લાગે પરંતુ

ખરેખર એમ નથી. સ્વામી વિવેકાનંદને પણ પહેલાં આ વાતમાં વિશ્વાસ ન હતો. રામકૃષ્ણદેવ જ્યારે અભેદદર્શનની આવી વાત કરતા ત્યારે તે હસતા ને તેમની ઠેકડી પણ ઊડાવતા. પરંતુ શ્રી-રામકૃષ્ણદેવની કૃપાથી એક વાર તેમને તેવી અલૌકિક અવસ્થાની પ્રાપ્તિ થઈ, ને તેને પરિણામે જ્યાં જ્યાં નજર પડે ત્યાં બધે જ તેમને પરમાત્મતત્ત્વની ઝાંખી થવા માંડી. તેમના કહ્યા પ્રમાણે તેમની તે અવસ્થા લગભગ ત્રણેક દિવસ રહી. હાવરાના પુલ પરથી પસાર થતી વખતે તે તેના થાંભલાને માથું લગાડી જોતા જેથી તેમને પુલ છે કે નહિ તેની ખાતરી થાય. ત્રણેક દિવસના સતત સ્વાનુભવ પછી તેમની તે દશામાં ફેર પડયો ત્યારે તેમને ખાતરી થઈ કે રામકૃષ્ણદેવ જે કહે છે તે ખોટું નથી ને પર-માત્માની સત્તા ચર ને અચર બધે જ એક સરખી રહી છે. તે પછી જ તે અદ્વૈતવાદના મહાન હિમાયતી બની શક્યા હતા. સંસારમાં સર્વત્ર પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની એ અવસ્થા માણસના જીવનમાં આવે છે ને અવારનવાર પ્રકટે છે પણ ખરી, પણ બીજું બધું ભાન ભૂલી લાંબો વખત કે કાયમ માટે માણસ તે જ અવસ્થામાં રહે તેવું બનવું જરા કઠિન છે. તેવું કોઈક વિરલ માનવના સંબંધમાં જ બને છે, ને ત્યારે તેનાથી કોઈ બહારનાં વ્યવહારિક કામ થઈ શકતાં નથી. તેવું કોઈક જ વાર બને છે. બાકી મોટે ભાગે તો એવું જ થાય છે કે આત્માનુભવ ને સૌમાં પરમાત્માના સાક્ષાત્કારની એ મહાન ભૂમિકાએ પહોંચ્યા પછી માનવ તે અનુભવની મૂડી ને અવસ્થાને અંતરંગ દૃષ્ટિએ અખંડ રાખી જરૂરી વ્યવહાર કે કર્મ કરવાની શક્તિ મેળવે છે. આત્મિક રીતે તે આત્માની અખંડતા ને વ્યાપકતાનો અનુભવ નિરંતર કર્યા કરે છે, ને બાહ્ય રીતે લૌકિક કર્મ કરે છે. ગમે તેટલાં મોટાં ને



સતત કર્મ કરવા છતાં તેની આત્માનુભવની અવસ્થામાં દોષ નથી આવતો કે ફેર પણ નથી પડતો. સંસારમાં જે પયગંબરો, અવતારી પુરુષો ને ધર્મના મહાન સ્થાપકો ને ઉપદેશકો થયા છે તે મોટે ભાગે એવા જ શક્તિશાળી મહાપુરુષો હતા.

બધે પરમાત્માનું દર્શન કરાવનારી આ દશા કોઈ બળજબરી કરીને ઉપરથી લાદેલી દશા નથી. તે કોઈ નકલ કરવાની વસ્તુ પણ નથી. તે તો એક સહજ અથવા સ્વાભાવિક દશા છે, ને સાધનાને પરિણામે, અંદરના વિકાસના ફળરૂપે, આપોઆપ જ આવી મળે છે. મનની નિર્મળતા થતાં તેમાં વિવેક જાગે છે, ને તેને લીધે દૈવી દૃષ્ટિની પ્રાપ્તિ થાય છે. તેને લીધે જુદા જુદા ને બહારથી વિભિન્ન દેખાતા પદાર્થો કોઈ એક સનાતન ને શક્તિ-શાળી સત્તાના સૂત્રમાં બંધાયા હોય એવો અનુભવ થાય છે. એ અનુભવને કામચલાઉ કે ઉપજાવી કાઢેલો માનીએ તોપણ, તેનાથી અનેક લાભ થાય છે. માણસ પોતાના વ્યવહારમાં વધારે પ્રેમાળ, પવિત્ર, રાગદ્વેષ વિનાનો, સેવાભાવવાળો, નમ્ર, નિખાલસ, કપટ ને પ્રપંચરહિત તથા પ્રભુમય બને છે. જે અનુભવથી માનવ દૈવી સંપતિનો સ્વામી ને ચાહક બને છે, જીવન પોતાને તથા બીજાને માટે મંગલમય થાય છે, ને માનવતાને મદદ મળે છે, તે અનુભવ સદાને માટે આદરણીય ને અનુકરણીય છે એમાં શંકા નહિ. એને આપણે અવશ્ય અભિનંદન આપીશું. સાધનાના સહજ પરિ-ણામરૂપે એ અનુભવની પ્રાપ્તિ થાય છે એ આપણે કહ્યું છે. પરંતુ તે અનુભવ માટે માણસ વિવેકનો પ્રયોગ પણ કરી શકે છે. પોતાની બુદ્ધિ કે સમજશક્તિથી સૌની અંદર પરમાત્માની સત્તા રમી રહી છે એવો અનુભવ કરવાનો અભ્યાસ પાડવાથી પણ

ધીરે ધીરે લાભ જ થાય છે ને એવો અનુભવ પાછળથી સહજ બને છે. સહજ રીતે મેળવેલો કે અભ્યાસની મદદથી કરેલો અનુભવ પોતાને ને બીજાને માટે મંગલકારક બને છે ને જીવનની કાયાપલટ કરી તેને વધારે ને વધારે ઉજ્જ્વળ, નિર્મળ ને રસમય કરે તે જ જોવાનું છે. તે હેતુ સધાતો હોય તો તો આપણને લાભ જ લાભ છે. માટે જીવનને એવા અનેરા અભેદભાવના અનુભવથી આલોકિત કરવા પળે પળે પ્રયાસ કરવાની જરૂર છે. જે દેખાય છે તે પ્રભુનું જ છે; સુંદર, અસુંદર, ઉત્તમ, અધમ, આકર્ષક ને અનાકર્ષક—બધું તેનું જ સ્વરૂપ છે, ને તેનું જ પ્રતિનિધિત્વ રજૂ કરે છે, એવી ભાવના કેળવવાની ને તેમની તરફના વ્યવહારમાં પલટો લાવવાની જરૂર છે. માનવ, પશુ, પ્રાણી ને પંખીમાં તેનો જ પ્રકાશ છે; તે જ વિશાળ વનમાં હરિયાળી થઈને પથરાઈ રહ્યો છે, ને સુંદર સુમનમાં પણ તે જ સ્મિત કરે છે; પોતાના મસ્તકને બરફના મુકુટથી સુશોભિત કરીને પર્વતોનું રૂપ લઈને એ જ આંખને આનંદ આપે છે, ને ગિરિશિખરથી ઘોર ગર્જના કરતાં ઢળતા ધોધોમાં પણ તે જ ઢળ્યા કરે છે. તારાઓની અનંત આંખ ખોલીને આખી રાત તે જ જુએ છે, ને સૂર્યના કોમળ કિરણોથી રાતભર રડનારી વનરાજિની આંખ પણ તે જ લૂછે છે. એવા દર્શનની ટેવ પાડવાથી ખરેખર લાભ થાય છે ને આનંદ મળે છે. ઋષિ કહે છે કે ચરાચરમાં વ્યાપેલા ને ચરાચરરૂપે રહેલા તે પરમાત્મા જ ૐકાર છે. ૐકાર તેમનું જ નામ છે.

(ક્રમશઃ)



# કેલગિરી શિબિર–૨૦૦૧

દક્ષેશ કોન્ટ્રેક્ટર, અમેરિકા

એક રોટી બે દિને મળતી રહે જો આમરણ,
ઠારવાને પ્યાસ વહેતું હો સદા નિર્મળ ઝરણ;
તો પછી ઓ મૂર્ખ ! શાને જીહજૂરી કોઈની,
ચાંપવા શાને પડે પામર મનુજોના ચરણ !

ભૌતિક સમૃદ્ધિની જ્યાં ઝાકમઝોળ છે તેવા અમેરિકા–કેનેડા જેવા દેશોમાં પ્રભુએ બધું જ ખોબે ખોબે અરે, છપ્પર ફાડકે કહી શકાય એટલું આપ્યું છે. રહેવાનાં સુંદર મકાનો, ખાવા–પીવા માટેની અસંખ્ય વિવિધતાવાળી ચીજવસ્તુઓ, અખૂટ પ્રાકૃતિક સૌંદર્યવાળા રમણીય પ્રદેશો, માનવસર્જીત અચંબામાં મૂકી દે તેવી ઈમારતો અને આનંદપ્રમોદનાં સ્થાનો, વાહનવ્યવહાર માટે એકથી એક ચઢે એવી મોહક કાર તથા મોટા શહેરોમાં સુંદર બસ તથા ટ્રેઈનો અને આ બધાની સાથોસાથ સોનામાં સુગંધ ભળે એવા પ્રામાણિક, ફરજ–પરસ્ત, નિખાલસ, બીજાને મદદ કરવા તત્પર, અત્યંત વિનય–વિવેકથી સંપન્ન માણસો. ડોલરની લીલી નોટે સર્જેલી આ સ્વર્ગસુંદર ભૂમિમાં માત્ર એક જ વસ્તુની કમી કહેવાય અને તે ઈશ્વરસ્મરણ. ભૌતિક સ્મૃદ્ધિમાં ઓળઘોળ કરાવનાર પ્રભુની યાદ અહીં ભૂલાઈ જાય એવું જ વાતાવરણ છે. એથી પૂ. મા અહીંના સર્વ જીવોને જાણે કહી રહ્યાં હોય કે અલ્યા જીવડા, પ્રભુએ આટઆટલું તને ધર્યું છે તો બે–ઘડી એના ગુણગાન તો ગાઈ લે, એની સાથે તો વાતો કરી લે. સંસારને બે ઘડી ભૂલીને એના સ્વામીને તો ભજી લે ભાવથી !

કેલગિરીની શિબિર એ ઈશ્વરનું આવા જીવમાત્રને અપાયેલ તેડું હતું. પણ જેઓ બડભાગી હતા, તે જ તેને સ્વીકારીને ત્યાં આવી શક્યા. કેનેડાની ભૂમિપર આ જ સ્થળે થયેલી આ ત્રીજી શિબિર હતી. પ્રાકૃતિક સૌંદર્ય અહીં અદ્‌ભુત છે અને વળી વાતાવરણમાં એક પ્રકારની નીરવ શાંતિ છે. પૂ. માનો સંગ અહીં આધ્યાત્મિક આંદોલનોને બળવત્તર બનાવે છે, જેથી શિબિરના આ દિવસો પરમની સમીપે પહોંચવામાં અત્યંત મદદરૂપ થાય છે. સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો લગભગ (૧૨૫) સવાસો જેટલાં ભાઈબહેનો પોતાની સાંસારિક માયાજાળને ભેદીને પૂ. માની સંનિધિ પામવાને બડભાકી થયાં. શિબિર ૮ સપ્ટેમ્બરથી ૨૩ સપ્ટેમ્બર એમ બે સપ્તાહ માટે હતી. પરંતુ પૂ. શ્રી મા તા. ૬ સપ્ટેમ્બરે કેનેડાના જ ટોરેન્ટોથી લગભગ ચાર કલાકની વિમાન-યાત્રા બાદ કેલગિરી આવી પહોંચ્યાં. એરપોર્ટ પર પૂ. માને વધાવવા માટે પ્રભુભાઈ, વાસુદેવભાઈ તથા પૂ. માનાં કોલેજ-કાળનાં સખી તથા એમના પ્રત્યે અહોભાવ અને અત્યંત આદર-પ્રેમ ધરાવનાર શ્રી પદ્માબેન પણ હતાં.

ટોરેન્ટોથી કેલગિરીની વિમાની સફરમાં કોઈ જ મુશ્કેલી ના નડી. આ એરલાઈન્સ (Canada 3000)માં માત્ર ૨૦ કિલો સામાન જ સાથે લઈ જવાય છે, છતાં બધાંનો સામાન વધુ હોવા છતાં સહજતાથી સ્વીકારાયો. જ્યારે આપણી બેગના વજનમાં થોડીક પણ વધઘટ હોય અને ઓફિસરો હેરાન કરે, લગેજ ફરજિયાત ઓછું કરવું પડે ત્યારે આપણને આવા પ્રસંગોનું મૂલ્ય સમજાય કે પૂ. માની સંનિધિમાં બધુ કેટલી સરળ અને સહજતાથી પાર ઉતરી જાય છે. વળી પૂ. મા સાથે હોય, એટલે આનંદ–કિલ્લોલ ચાલુ જ રહે. ભારેખમ બની પ્રવાસ કરવો અને



સતત હાસ્યની છોળો ઊડતી હોય એવા વાતાવરણમાં પ્રવાસ કરવો એ બંને વચ્ચેનો ભેદ જે અનુભવે તે જ જાણે. અરે! જુઓ તો ખરાં. પૂ. મા તો લગેજને બાંધવાની પટ્ટી વિમળાબેનના હાથપર બાંધી કહે, આ સામાન સાચવવાનો છે. આઘોપાછો ના થઈ જાય! અને એરપોર્ટના આસપાસ ઊભેલા સૌ કુતૂહલથી આવાં નવીન દૃશ્યો જોઈ આનંદિત પણ થાય છે. વળી પ્લેન આખું ભરેલું હતું. દરેકને વચ્ચેની સીટ જ મળી. એકપણ કોર્નર સીટ કે વીન્ડો સીટ ન મળી. તો પૂ. મા–પ્રભુ ક્યાં બિરાજશે? પરંતુ મેં મારી પૂ. મા સાથેની દરેક વિમાનયાત્રામાં જોયું છે કે પ્રભુ પોતે જ પોતાની આરામદાયક જગ્યા કરી લે છે. એથી થોડીક જ મિનિટોમાં પૂ. મા એક વીન્ડોસીટમાં પૂ. શ્રી સાથે બિરાજે છે. ભારતમાં હોય કે વિદેશમાં, પૂ. મા અને પ્રભુની અસંખ્ય વિમાનયાત્રાઓમાં આ બધું અચૂકપણે બને છે. આંખ ખુલ્લી હોય, જાગ્રત હોઈએ તો જોઈ શકાય, સમજી શકાય.

શિબિરનું સ્થળ Brag creek, Alberta એ Calgary એરપોર્ટથી ખાસ્સું દૂર છે. બગભગ પોણા કલાકે અમે સૌ ત્યાં આવી પહોંચીએ છીએ. અહીં અગાઉથી આવેલ ચાર–પાંચ ભાઈબેનો સજાવટ અને સાફસૂફીમાં પ્રવૃત્ત હતાં. જેથી ક્ષણનાય વિલંબ વગર પૂ. મા પોતે એમાં જોડાઈ જાય છે. પૂ. મા કોઈને કહેવા કરતાં પોતે જ કરવા માંડે છે, જેથી અન્ય સૌ આપોઆપ જ તેમાં સામેલ થઈ જાય છે. Business Managementના અભ્યાસક્રમમાં Leadershipની કળામાં 'Leadership by example'–એવી વાત રજૂ થાય છે તે અહીં પૂ. મા વિશે કેટલી સાર્થક થાય છે. મેં જોયું છે કે હંમેશાં પૂ. મા જે કરે છે, તે વિશે જ બીજાને સલાહ આપે છે, અને એથી જ એ સામેની વ્યક્તિના

હૃદય સોંસરવી ઉતરી જાય છે. સાંપ્રત સમાજમાં થતાં અઢળક કથા–પારાયણો–ભાષણો જોઇએ તેવી અસરો ઉપજાવી નથી શકતાં, તેનું મુખ્ય કારણ આ જ છે. અહીં પૂ. મા જાતે જ નિયમોના બોર્ડ, ભોજનનો કાર્યક્રમ, શિબિરના જુદા જુદા કાર્યક્રમોનો ક્રમ, ઉતારાની વ્યવસ્થા દર્શાવતાં નામ અને નંબર સાથેનાં બોર્ડ, પુસ્તકોની વ્યવસ્થા, વિવિધ સ્વરૂપો તથા સુવાક્યોને ક્યાં કેવી રીતે મૂકવાં તેની વ્યવસ્થા, તો વળી માઇક, સ્ટેજ, પૂ. માની બેઠક, ડેકોરેશન વૃદ્ધ–વડીલો માટેની ખુરશીઓ, પડદાઓ અસંખ્ય વસ્તુઓનું સ્વયં માર્ગદર્શન ધરે છે, જાતે જ કરી બતાવે છે. પૂ. માની હાજરી વિના, આટલા ઝડપથી કામ ન પણ થાય એ સહજ છે, કારણ તેમની હાજરી જ કામ કરતા જીવોને અનેરી સ્ફૂર્તિ અને પ્રેરણાથી ભરી દે છે.

હવે વારાફરતી સૌ ભક્તો આવવા માંડયા છે. અહીં ભારતની જેમ બધા આવે ત્યાર પછી જ આયોજકોની જવાબદારી શરૂ નથી થતી, કારણ દરેક વ્યક્તિ હજારો માઇલ દૂરથી વિમાન સફર કરીને જ આવે છે અને તે દરેકની એરલાઇન, તેનો ફ્લાઇટ નંબર, આવવાનો સમય બધું જાણી તે પ્રમાણે તેમને એરપોર્ટથી શિબિરસ્થળે લાવવાનું જ કાર્ય જહેમત માંગી લે તેવું છે. છતાં વાસુદેવભાઇ, પ્રભુભાઇ, અંબુભાઇ, યોગેશ, ધર્મેશ સૌ સુંદર સંકલનથી સર્વ ભક્તોને સમય પ્રમાણે લઇ આવે છે અને શિબિરની પૂર્ણાહુતિએ વિદાય પણ આપે છે. રાત્રે બાર વાગ્યે કે સવારે ચાર વાગ્યે જવામાં પણ પૂ. માનું કામ સમજી કદી થાક કે કંટાળો તેમના મુખ પર નથી દેખાતો. પોતાનાં બાળકોમાં આવો પ્રાણ પૂરનાર એ પ્રાણેશ્વરીને પ્રણામ.



શિબિરનો પ્રારંભ સવારે સાત વાગ્યે પ્રભાતવંદનાથી થયો. અહીં ઠંડી પ્રમાણમાં વધુ છે એથી સૌ શિબિરાર્થીઓ ગરમ વસ્ત્રોથી સજ્જ થઇ બહાર ચોગાનમાં પ્રભાતફેરી કરે છે. ત્યાર બાદ પૂ. માની સાધનાના અવિભાજ્ય અંગ સમાન પ્રણામનો કાર્યક્રમ છે. ગમે તેવા શારીરિક સ્વાસ્થ્ય વચ્ચે અને વિપરિત સંજોગોમાં પણ પૂ. માનો પ્રણામનો ક્રમ ચાલુ જ રહે છે. મન અને શરીર બંનેને કસરત આપતી આવી પ્રણામની સાધના કરતાં બીજા કોઇ આધ્યાત્મિક મહાપુરુષોને આપણે નથી જોયા કે નથી વાંચ્યા–સાંભળ્યા. પૂ. મા એ રીતે સાવ અનોખાં કહેવાય! એક શારીરિક કસરત લાગતી આ પ્રણામની પ્રક્રિયા સમયે મનમાં કેવો ભાવ રાખવો, કેવી પ્રાર્થના કરવી જોઇએ, પ્રભુને જીવંત માની તેમના અનંત ઉપકારો બદલ આભારના સૂરે પ્રણામ કેવી રીતે કરવા જોઇએ વગેરે અનેકવિધ બાબતો પર સમગ્ર શિબિર દરમ્યાન પૂ. મા પ્રકાશ પાથરીને તેનું મહત્ત્વ દર્શાવે છે. આજે તો પૂ. માના દેશવિદેશના અસંખ્ય ભક્તો આ પ્રણામની અનોખી સાધનામાં ઉત્સાહભેર સામેલ થઇ ગયા છે અને તેના પરિણામે થતા શારીરિક અને આધ્યાત્મિક લાભોને માણી રહ્યા છે.

પૂ. મા હજુ હમણાં જ ટોરેન્ટોમાં યુવાનો માટેની શિબિર પૂરી કરી અહીં પધાર્યાં છે. તો ત્યાં વસંતની શિબિર પૂરી થઇ, અને આ પાનખરની શિબિર એમ કહી વાતાવરણને હળવું બનાવી દે છે. પ્રભુભક્તિ માટે યુવાનીનો સમય જ શ્રેષ્ઠ છે. વૃદ્ધાવસ્થામાં જ્યારે શરીર જ સાથ ના આપતું હોય, ત્યાં મનને તો ઈશ્વરમાં જોડવું કેટલું કઠિન છે–એ સત્ય આ હળવા સંદેશ પાછળ છૂપાયેલ હતું. જો કે માણસ પોતાના દુર્ગુણોને પાનખરના પર્ણોની જેમ સહજ રીતે ત્યાગે તો વસંતનું આગમન દૂર ન રહે,

પ્રભુ વસંતરૂપે જીવનમાં પધારે એમ પણ બોધ લઇ શકાય.

આ શિબિરમાં લગભગ પચ્ચીસ શિબિરાર્થીઓ વૃદ્ધ વડીલો છે. થોડાક વાનપ્રસ્થ કે તેમાં પ્રવેશની તૈયારી કરનાર છે તો યોગેશ, ધર્મેશ, શીપ્રા અને નીશા જેવા યુવાનો પણ છે, ને ધ્રુવ જેવો બાળક પણ છે ઉંમર ગમે તે હોય પણ પૂ. મા પરત્વે સહુને એકસમાન આદર અને પ્રેમ છે. તેથી જ માઇલો દૂરથી પણ સૌ અહીં પધાર્યા છે.

પ્રણામ પછી પ્રાર્થના અને અંતે દૂધ-ફળનો વિરામ રહેતો. ત્યાર બાદ પૂ. શ્રી યોગેશ્વરજીનું મનનીય પ્રવચન, ઓડીયો કે વીડીયોવડે શ્રવણ કરાવરાવવામાં આવતું. આ સમય દરમ્યાન પૂ. શ્રી યોગેશ્વરજીના ભાવનગરમાં થયેલ ભક્તિયોગનાં પ્રવચનો, તથા સાઉથ આફ્રિકાના પ્રીટોરીયામાં આપેલ પ્રવચનની વીડીયો બતાવવામાં આવી. તો છેલ્લે છેલ્લે પૂ. માએ સુરતમાં મૌન પહેલાં છેલ્લું વ્યક્તવ્ય આપેલું તેની વીડીયો પણ બતાવવામાં આવી. અધ્યાત્મના ઊંચા શિખરો સર કરી આત્મોન્નતિની ટોચે બિરાજતા મહાપુરુષના સ્વમુખે સાધનાની, ભક્તિની તથા યોગની અવનવી વાતો ક્યારેક શાસ્ત્રોના આધાર લઇ, તો ક્યારેક હળવા દૃષ્ટાંતો સાથે રજૂ થતી સાંભળવી એક લ્હાવો છે. આધુનિક વિજ્ઞાને આવા મહાપુરુષોને તેમની વાણીને અમર બનાવી નહીં તો કાળની ગર્તામાં કેટલાય સ્વનામ ધન્ય મહાપુરુષો આવી સ્થૂળ યાદગીરી છોડયા સિવાય જ વિદાય થયા હશે!

પ્રવચન પછીનો બે કલાક જેટલો સમય વ્યક્તિગત સાધના માટે ફાળવેલો હતો. અહીં આવનાર દરેક સાધકે સાધના માટે વિવિધ નિયમો પોતાની અનુકૂળતા મુજબ લેવાના હતા. સૌએ પોતપોતાની રુચિ મુજબ ગીતાપાઠ, મંત્રજાપ, લેખન, બાવની, લીલામૃત પાઠ, યમુનાષ્ટક કે સેવા-સ્મરણ-મનનના નિયમો લીધા. તો આશાબેન જેવા પૂ. માના પ્રેમીએ "આ દિવસો દરમ્યાન સ્મરીશ પૂ. મા ને જ, ચાહીશ ફક્ત પૂ. માને" એવા નિયમ લઇ તેને પણ પાળવા પ્રયત્ન કર્યા. આસપાસ સુંદર નૈસર્ગિક વાતાવરણ હતું. થોડે દૂર એલ્બો નદી હતી, તેના કિનારે પણ સાધના માટે સુંદર વાતાવરણ હતું. તો લેખનની સાધના કરનાર માટે રસોડાના ટેબલ-ખુરશી પણ સિદ્ધોની ગુફાની ગરજ સારતાં.



પૂ. શ્રી તથા પૂ. માને વરસોથી નજદીકથી જોનાર, તેમનું સાન્નિધ્ય માણનાર સરોજબેન, વિનોદભાઇ, સુરેશભાઇ શાહ વગેરે અનેક ભક્તોને પૂ. માએ વિવિધ સંસ્મરણોનું લેખનકાર્ય સોંપ્યું હતું તથા કડક શિક્ષકની જેમ તેની ઉઘરાણી તથા ચકાસણી પણ કરતાં. પૂ. માના જ શબ્દોમાં "આ જીવંત ઈતિહાસના તમે સૌ સાક્ષી છો. તમે તેને શબ્દોમાં નહીં આલેખો તો તે ઈતિહાસનું ખૂન છે. ૨૦-૨૫ વર્ષ પછી કોઇ પૂ. પ્રભુ યોગેશ્વરજીને કે પૂ. માના જીવનને કેવી રીતે જાણી શકશે? તમને સૌને ખૂબ મળ્યું છે. ૧૦૦ ટકામાંથી તમે સમાજને, જનતાને ફક્ત ૧ ટકો જ આપો છો. સમય જતાં તમારી સ્મૃતિ જ ક્ષીણ બને છે અને તમે જ એ સોનેરી ક્ષણો, એ દિવ્ય સંદેશને ભૂલતા જાવ છો. માટે સૌ લેખનકાર્ય કરો. એક ફરજ સમજીને કરો. અમારે તમને શું કહેવાનું હોય?"—અને આને પરિણામે ૧૫ વરસથી જે લેખન બાકી જ રહેતું હતું તેવું લેખન સુરેશભાઇ શાહે પૂરું કર્યું. તો વિનોદભાઇ, સરોજબેને પણ પોતાની કલમ ચલાવી. બીજા એવા અસંખ્ય સાધકોએ લખેલ સંસ્મરણોની ફાઇલ હોલની બહાર

મૂકવામાં આવેલી. તે વાંચીને ત્યાં આવેલ દરેક શિબિરાર્થીને પ્રેરણા મળી અને પરિણામે તેમણે પણ પોતાની રીતે આ જીવંત ઈતિહાસનું ચિત્રણ આરંભ્યું. આ શિબિરની આ એક વિશેષતા કહી શકાય.

બધા જ લેખન કરે, તો પૂ. મા પણ પાછળ થોડાં રહે! શિબિરમાં યોગેશ્વર લીલામૃતનો પાઠ થયો, સમૂહગાન થયું. તે જ જાણે પૂ. માને લેખનની પ્રેરણા ધરતું ગયું. યોગેશ્વર લીલામૃતમાં પ્રકાશના પંથેમાં આલેખાયેલી ઘટનાઓ જ આવરી લેવાઈ છે. ત્યાર પછીની ઘટનાઓ પરથી યોગેશ્વર લીલામૃત ભાગ–૨ ની રચનાની સરવાણી અમે નજરે નિહાળી. આપણા સૌ માટે એ આનંદની વાત ગણાય. આપણે પૂ. માને પ્રાર્થીએ કે તેનું બને તેટલું જલ્દી લેખન થાય અને પૂર્ણ થતાં પ્રકાશન પણ થાય.

વળી છેલ્લા થોડા દિવસો દરમ્યાન પૂ. શ્રી માએ સૌને સ્લેટના માધ્યમદ્વારા સુંદર બોધપાઠ આપ્યો. જેમાં શ્રદ્ધાની અગત્ય, સાસુ–વહુના સંબંધો, નિયમો અને નિયમિતતાની વાત અવનવા શ્રાદ્ધની વાત વણી લેવામાં આવેલી. સ્લેટદ્વારા પૂ. માએ સંવાદ અને અભિવ્યક્તિનું સુંદર માધ્યમ શિબિરાર્થીઓ માટે ખોલી નાંખ્યું. પરંતુ એ આટલે જ ન અટક્યું. પૂ. માના અનન્ય મૂક સેવક અનિલભાઈ, ઉમેશભાઈ, અંબુભાઈએ રાતદિવસ જહેમત ઊઠાવી કોમ્પ્યુટર પર ગુજરાતીમાં તેને મૂર્તિમંત કર્યું અને પૂ. માએ સુંદર નામાભિધાન પણ કર્યું "સર્વેશ્વરીની સ્લેટનું સાંભળો તો ખરાં!" અને શિબિરમાં દરેક કુટુંબ દીઠ એક નાનકડી પુસ્તિકા સૌને વિદાય સમયે ભેટ પણ ધરી.

સ્લેટના માધ્યમદ્વારા મૌન લીધું ત્યારથી પૂ. મા પોતાના



આદેશ–ઉપદેશ–પ્રેરણાત્મક વાતોને વહેતી કરી રહ્યાં છે. પરંતુ તે સર્વનું સુંદર લેખન–કોમ્પ્યુટર પર ક્રમબદ્ધ ગોઠવી તેનું તુરત જ પ્રકાશન આ શિબિરની આગવી વિશેષતા કહી શકાય. પુસ્તિકા જોઈ મનમાં થાય કે આ નાનકડી શિબિરમાં આટલો સંદેશ ઝીલી શકાયો, તો આ જ રીતે પૂ. માનો સંદેશ ઝીલતા રહ્યા હોત તો ભાવિ પેઢી માટે કેટલો મોટો દળદાર ગ્રંથસમૂહ પ્રદાન કરી શકાત! ખેર! જાગ્યા ત્યાંથી સવાર. પૂ. માના આવા દિવ્ય સંદેશા અને હળવી ટકોરોને આપણે લિપિબદ્ધ કરવાની કોઈ જ તક જતી ન કરીએ.

વ્યક્તિગત સાધના પછીનો સમય અલ્પાહાર–હળવા ભોજન-નો રહેતો. વારાફરતી જુદા જુદા દિવસે બટાકાપૌંઆ–ઉપમા તથા સલાડ હતાં. ફળાહાર કરનાર શિબિરાર્થીઓ માટે વિવિધ ફળ તથા સૂકા મેવાનો પણ પ્રબંધ હતો. તો સાંજના ભોજનમાં ખીચડી–શાક, મગ–ભાત, દાળ–ભાત કે નવીન પ્રયોગ તરીકે દાળઢોકળી પણ રાખવામાં આવેલી. રોજના ચીલાચાલુ ભોજનથી અલગ આવો આહાર સ્વાસ્થ્યને તંદુરસ્ત અને નીરોગી રાખવામાં મદદરૂપ થાય છે, તે સર્વ શિબિરાર્થીઓએ અનુભવ્યું. વળી આ બધું જ ભોજન મોટેભાગે બહેનો જ બનાવતી. તો એક દિવસ પૂ. માને થયું કે ભાઈઓએ પણ બનાવવું જોઈએ. ખાલી બહેનો જ કર્યા કરે એવું થોડું છે! તો સૌ ભાઈઓએ પણ ઉમળકાભેર ખીચડી–શાક–કઢીનું ભોજન બનાવ્યું અને સૌને ખૂબ ભાવ્યું પણ ખરું. પૂ. મા કહે હવેની શિબિરમાં અઠવાડીયામાં બે કે ત્રણવાર આવા પ્રયોગ રાખીશું. આચાર અને વિચારોની ક્રાંતિ પૂ. માટે સહજ છે. એટલે જ ભોજનની જેમ એક–બે દિવસ પૂ. માએ ભાઈઓ અને બહેનોના રસોઈના કાર્યની પણ અદલબદલ

કરાવેલી. સતત નવીનતા પૂ. માને ગમે છે.

બપોરે ભોજન–વિશ્રામ પછી સાડા ત્રણ વાગ્યે સૌ હોલમાં મંત્રગાન–ભજન–ધૂન માટે એકત્ર થતાં. જેમાં સુંદર ધૂન–ભજનો ગવાતાં. ત્યાર પછીનો એક કલાકનો સમય વ્યક્તિગત સાધના માટે હતો. સાધના માટે જ કરાતી શિબિરમાં એ માટેનો સમય પ્રાધાન્ય હોય તે આવકાર્ય ગણાય.

વ્યક્તિગત સાધના બાદ સહાયક ઈતર પ્રવૃત્તિઓ માટે એક કલાક ફાળવવામાં આવ્યો હતો. એ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ થતી. ભારતમાં પૂ. માએ કરેલ ભૂકંપરાહતકાર્ય તથા અંબાજી ખાતે થયેલ ઉત્સવોની ઝલક બતાવવામાં આવી. મટકીફોડના પ્રસંગે સૌને જાણે સ્વર્ગારોહણને આંગણે લાવી દીધા. અહીં હોલમાં ખર્ચાળ હોવા છતાં સુંદર પ્રોજેક્ટર અને પડદાની વ્યવસ્થા હતી, જેથી બધા જ વીડીયો, ફિલ્મો, કે કોમ્પ્યુટરનાં દ્રશ્યો વિશાળ પડદા પર નિહાળી શકાયાં. શિબિર દરમ્યાન ડોંગરે મહારાજની ભાગવતકથા, પૂ. શ્રીના પરદેશના પ્રવચનો, ટોરેન્ટો યુવાશિબિરમાં થયેલ સુંદર નાટકો, વડોદરા ખાતે ગુજરાત પુસ્તકાલયદ્વારા પ્રકાશિત ચાર પુસ્તકોના વિમોચન વિધિની વીડીયો બતાવવામાં આવી. તો સાથે સાથે ગરીબ કુટુંબની મજબૂરી અને ભાઈ–બહેનના સુંદર પ્રેમ પ્રગટ કરતી એક બૂટ Share કરતા નાના બાળકોની ફિલ્મ 'સ્વર્ગનાં બાળકો' 'Children of Heaven' તથા યુરોપના નાનકડા દેશ પોર્ટુગલમાં વિખ્યાત ફાતિમા 'Fatima'ના જીવનઆધારિત ફિલ્મ પણ બતાવી, વાંચકોને જ્ઞાત હશે કે પૂ. મા પોતાની યુરોપયાત્રા દરમ્યાન એ સ્થળની મુલાકાત લઈ આવ્યાં છે, અને આજે પણ ત્યાં હજારોની સંખ્યામાં જનસમૂહ આવે છે.



શિબિરના ત્રીજા જ દિવસે આઘાત અને આંચકો આપે તેવી ઘટનાઓ બની ગઈ. આંતરરાષ્ટ્રીય ત્રાસવાદના ક્રૂર અને બિહામણા સ્વરૂપે સલામતીમાં અગ્રેસર ગણાતા અમેરિકાને ભરખી લીધું. ૧૧ સપ્ટેમ્બરના રોજ સવારે આધુનિક વિજ્ઞાનની અજાયબી ગણાતા અને ન્યૂયોર્કના શિરમુગટ સમાન બે જોડીયા Twin Towers World Trade Centreને અપહૃત વિમાન-દ્વારા ધ્વસ્ત કરાયાં. હજારો નિર્દોષ વ્યક્તિઓ એના ભોગ બન્યા. શિબિર જો કે કેનેડાના છેક જ શાંત કેલગિરી શહેરથી પણ ૪૦ કિલોમીટર દૂર હતી. એથી એની તાત્કાલિક માહિતી ન મળે પણ લગભગ બે કલાકમાં તો ફોનદ્વારા પૂ. માએ એ ઘટનાની સંપૂર્ણ વિગતો જાણી. તેમનું હૈયું દ્રવી ઊઠ્યું. પૂ. મા માટે તો સૌ વિશ્વ નાગરિકો પણ બાળકો જ છે. તુરત જ વ્યક્તિગત સાધનાના સમયે પણ સૌને ઘંટદ્વારા સૂચના આપી એકત્ર કરાયા. બનાવની બધી વિગતો જણાવી. પ્રાર્થના કરાવી અને વિદાય લેનાર જીવો માટે 'મંગલ મંદિર ખોલો' સમૂહગીત ગવાયું. મૌન પાળવામાં આવ્યું. મંત્રગાનની એક માળા કરવામાં આવી. અને સર્વાનુમતે ભોજનને તિલાંજલિ અપાઈ.

વળી શિબિરમાં ભાગ લેનાર અમેરિકાના નાગરિકો હતા તો એક રાષ્ટ્રપ્રેમી તરીકે પણ સૌને ચિંતા થાય, આઘાત લાગે એ સ્વાભાવિક હતું. જેથી એ ઉચાટ દૂર કરવા અને સાચી માહિતી મળે એ હેતુથી શિબિરના નિયમો હળવા કરી, ટીવીમાં સમાચાર અને દૃશ્યો બતાવવામાં આવ્યાં. તો ઈન્ટરનેટની મદદથી પણ વિવિધ દૃશ્યો અને વિગતવાર સમાચારો પ્રિન્ટ કરી સૌના લાભાર્થે હોલ બહાર મૂકવામાં પણ આવેલાં. શિબિરના અંતસુધી માહિતી માટે દરરોજ નવીન સમાચારો એ રીતે ઉપલબ્ધ કરવામાં આવ્યા. સાંપ્રત ઘટનાઓથી માહિતગાર રહેવામાં કાંઇ આધ્યાત્મિકતા જતી

નથી, ઊલટું એક આદર્શ માનવ તરીકે પોતાની આસપાસની ઘટનાઓ પ્રતિ સંવેદી બનીને કંઇક ઉપયોગી થવાય તેવાં કાર્યો કરવાની પ્રેરણા પૂ. મા સતત ધરતાં રહે છે. તો સાથે સાથે કપરા સંજોગોમાં સુકાનીનો ભાર વહન કરનાર અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બૂશને પણ પૂ. મા અચૂક યાદ કરતાં રહે છે અને વિશ્વની શાંતિ અને મંગલની ભાવના માટેની મૂક આશિષ પણ ધરતાં રહે છે.

એક તરફ આદર્શ જીવનવ્યવહાર છે, તો બીજી તરફ અધ્યાત્મની ઊંચાઇ પણ ડોકિયું કરે છે. પૂ. મા કહે છે કે ઓગસ્ટ મહિનાથી અંદરથી કોઇ મંત્રગાન કરતું હોય તેવો અનુભવ થાય છે. પૂ. મા કહે એ અવાજ અજાણ્યો છે, પરંતુ અત્યંત સ્પષ્ટ અને સુમધુર છે. અરે! તે મારું પણ સાંભળતો નથી, બસ અનવરત ચાલ્યા જ કરે છે. તપ અને ત્યાગની કેડીએ આગળ વધી અનુભવોનાં સુવર્ણ શિખરો સર કરનાર પૂ. માને આવા તો અનેક અનુભવો થઇ ચૂક્યા છે. ક્યારેક જીજ્ઞાસુઓ સામે તે ભંડાર ખોલી પણ નાંખે છે.

તેવી જ રીતે દરરોજ લગભગ વિવિધ આસનો અને કસરત બતાવતી વખતે સર્વાંગાસનના સમય દરમ્યાન થતાં નાદના અનુભવની વાત પણ કહે છે. જો કે સામાન્ય વ્યક્તિઓ માટે તો આ વાતો અગમનિગમની જ લાગે, પણ પ્રકાશના પથ પર ડગ ભરનાર આ વાતોને કૈંક સમજી શકશે. યોગનાં વિવિધ આસનો, મુદ્રા, પ્રાણાયમના અભ્યાસથી જે મળે છે તે જ વસ્તુ ભક્તિની તીવ્રતમ અવસ્થાએ આપોઆપ મળી જાય છે એમ પણ પૂ. મા જણાવે છે. એથી લક્ષ્યસ્થાન ઈશ્વરપ્રાપ્તિનું જ રાખવું જોઇએ અને આવા Flag Station વચગાળા સ્ટેશન પર ગાડી ના ઊભી રહે તેની જાગૃતિ સાધકે રાખવી જોઇએ, એવો સુંદર



સંદેશ શિબિરાર્થીઓને આપે છે.

ક્યારેક વાતાવરણ ખૂબ સુંદર હોય તો રમતો પણ રમાય છે. વડીલો જ્યારે લંગડી અને ઊભી ખો રમતાં હોય, તો દોડતાં દોડતાં ધરતીમાતાને પ્રણામ પણ થઇ જાય–(ગબડી પડાય), અને પૂ. મા એ નિહાળી ખડખડાટ હસતાં. પૂ. માની હાજરી વડીલોને ઉંમર ભૂલાવી જોમ અને સ્ફૂર્તિથી ભરી દેતી. એક દિવસ અહીંની એલ્બો નદીને કિનારે પૂ. મા સૌ ભક્તજનોને સત્સંગનું સુખ ધરે છે. વિવિધ ભજનો અને ધૂનની અંતાક્ષરી પણ રમાય છે. ભાઇઓની સંખ્યા ઓછી છે અને તેમને બહેનો જેટલાં ગીતો ન આવડે તો પૂ. મા તેમના વતી શીઘ્ર સર્જનથી નવાં ગીતો બનાવી તેમને ઉગારી પણ લે છે! અહીં તો બસ પૂ. માના સાન્નિધ્યે સાત્ત્વિક આનંદનું સામ્રાજ્ય જ રહે છે.

અરે, પૂ. મા અહીંની ઠંડીને અનુરૂપ સૌને વ્યક્તિગત રીતે સૂંઠની નાની લાડુડી પણ પ્રસાદમાં આપે છે. અને ક્યારેક તો દરેકના રૂમ પર જઇ વ્યક્તિગત એનો પ્રસાદ પણ ધરે છે. યુવાનોની શિબિરમાં યાદગાર અભિનય કરનાર 'ભૂત'ભાઇ શ્રી યોગેશને પૂ. મા સૌના રૂમે જઇને રાત્રી પ્રાર્થના ૐકારથી અચંબામાં નાંખવા કહે છે તો પરિણામે અચાનક ભૂતની વેશભૂષા જોઇ આઘાત–આશ્ચર્ય અનુભવતા શિબિરાર્થીઓની વીડીયો જોઇ પૂ. મા પેટ પકડી હસે છે. હળવા થવું, બાળકની જેમ મુક્ત રીતે અને નિર્દોષ આનંદથી હસવું પૂ. માને ખૂબ ગમે છે. તેથી તેઓ પોતાની સાથે બીજાને પણ એમ શીખવે છે.

સંગીતનો શોખ પૂ. માને ગળથૂથીમાં છે. તેઓ પોતે સુંદર ભજનોનું સર્જન કરી તેને સુંદર સ્વરે ગાતાં–એ જોવાનો એક

લ્હાવો હતો. દેશ–પરદેશમાં પૂ. મા અચૂક રીતે ખ્યાતનામ સંગીત-કારોની કલાસાધનાને સન્માનવા પહોંચી જાય છે. તેથી જ પં. રવિશંકર, ઉસ્તાદ ઝાકીર હુસેન, પં. ભીમસેન જોશી, પં. જશરાજ જેવા અનેક કલાકારોને પૂ. માએ બિરદાવ્યા છે. અહીં શિબિરના આરામના સમયમાં શાસ્રીય સંગીતની ધૂનની જુદી જુદી CD સીડી મૂકવામાં આવતી. પૂ. મા એ પસંદ કરતાં. ધીમા અને મધુર સ્વરે વહેતું ભારતીય Classical શાસ્રીય અને Instrumeutal તંતુવાદ્યોનું સંગીત વાતાવરણને દિવ્યતાથી ભરી દેતું.

કેલગિરીથી નજીકમાં જ પ્રકૃતિના અખૂટ ભંડાર સમા રમણીય સ્થળો છે. પૂ. મા એકવિધતામાં નથી માનતાં. પ્રકૃતિના દર્શન માટે પૂ. મા સામેથી જ નવા આવેલા શિબિરાર્થીઓને મોકલવાની વ્યવસ્થા કરે છે. જેથી ૩૩ જેટલા ભાઇ–બેનો એક દિવસ બસદ્વારા Banff National Park, Lake Louise, Moraine Lake તથા Athabasca glacierની મુલાકાતે જાય છે. પ્રવાસ દરમ્યાન બસમાં તકલીફ થાય છે તો ત્યાં પણ પૂ. માની કૃપાથી અદ્દ્ભુત અનુકૂળતા થાય છે. વળી વાતાવરણની પણ સંપૂર્ણ અનુકૂળતા જોવા મળે છે. નગાધિરાજ હિમાલયની યાદ આપતા હિમાચ્છાદિત પર્વતો, સ્વચ્છ અને નિર્મળ ઝરણાંઓ, વિશાળ સરોવરો તથા લીલાછમ જંગલો મનને ઊંડી શાંતિના પ્રદેશમાં લઇ જાય છે.

પૂ. પ્રભુના અને પૂ. માના નિવાસનું સૌભાગ્ય જેમને પ્રાપ્ત થયું તેવા સૌ યજમાનો મળી એક સુંદર નાટિકા રજૂ કરે છે. જેમાં ન્યૂજર્સીના વિનોદભાઇ–સરોજબેન, લોસ એન્જલસના ભગવાનજીભાઇ કંચનબેન, ટોરોન્ટો કેનેડાના સુરેશભાઇ–વિમળાબેન, એડમન્ટનના વાસુદેવભાઇ–પદ્માબેન તથા પનામાના



વસંતભાઇ–ગુલાબબેન અને ટેક્ષાસના ભારતીબેન–રમેશચંદ્ર પણ છે. પૂ. શ્રી યોગેશ્વરજીનો સુંદર અભિનય સંજયભાઇ ભક્ત કરે છે, તો સમગ્ર નાટક અને તેને અનુરૂપ એવું 'અમે યજમાનીયા રે....' પદ લખનાર સુશીલાબેન પૂ. માને આનંદિત કરી દે છે. પરદેશના સૌ યજમાનો આ રીતે ભેગા મળ્યા હોય અને પોતાના ભાવોને આ રીતે વ્યક્ત કર્યા હોય, તેવો પ્રથમ પ્રસંગ કહી શકાય.

શિબિર દરમ્યાન પ્રેરણાત્મક ઉદ્દ્બોધનો પણ થયાં, જેમાં પ્રિયવદનભાઇ, સુરેશભાઇ શાહ, આશાબેન, ગુલાબબેન (મેમ્ફીસ), જેવા વડીલો ઉપરાંત યોગેશ, ધર્મેશ, શીપ્રા, જેવા યુવાન ભાઇ-બેનો પણ હતાં. પૂ. માના સૂચનથી મારે પણ પૂ. મા અને પ્રભુના જીવન દર્શન કરાવતા પ્રસંગોને ત્રણ–ચાર વાર કહેવાનું બન્યું. પોતાના જીવનમાં આવેલ પરિવર્તનની વાતો શ્રી હર્ષદભાઇ તલાટીએ પણ કરી. તો પનામાવાળા શકુબેને પોતાના કાર્યદ્વારા માઇક વગર જ સૌને નવીન રીતે શ્રાદ્ધ કરવાની પ્રેરણા ધરી. જો કે શબ્દોના માધ્યમ વિના પણ પૂ. મા તો સૌને સતત પ્રેરણા-ની માળ ધરતાં જ રહ્યાં.

શિબિરના દિવસો ખૂબ જ ઝડપથી પસાર થઇ જાય છે. અહીં જાણે તારીખવાર બધું જ ભૂલાઇ જાય છે. સંસારની અનેકવિધ પ્રવૃત્તિઓથી શ્રમિત જીવો પૂ. માના વિશાળ વડલે વિસામો લઇ રહ્યાં છે તો તેમને જલ્દી જવું ગમતું નથી. તો પ્રેમની પરસ્પરતા નભાવતાં પૂ. માને પણ બાળકો જાય તે પસંદ નથી. તેઓને વધુ સાન્નિધ્ય મળે, સત્સંગનું ભાથું મળે, તે માટે પૂ. મા પ્રવૃત્ત છે. એથી જ યુવાન ધર્મેશ તથા શ્રદ્ધાળુ એવા મહુભાઇને આગ્રહથી પૂ. મા સંપૂર્ણ શિબિરસુધી રોકી લે છે. વિદેશની ધરતીપર આવો આગ્રહ અને પ્રેમ કોણ કરે ?

છેલ્લો દિવસ પણ આવી ગયો. આવતીકાલે માળામાંથી સૌ પંખીઓ ઊડી જશે એથી સૌનું અંતર ગમગીન છે. સાંજની બેઠકમાં વિશેષ કાર્યક્રમ છે. સૌપ્રથમ પૂ. શ્રીની આત્મકથામાં આલેખાયેલ 'મુસ્લીમ સદ્‌ગૃહસ્થનો મેળાપ' પરથી પૂ. શ્રીના સંયમ, તિતિક્ષા અને ધીરજને રજૂ કરતું સુંદર નાટક રજૂ થાય છે. ગાડીમાં 'જીવતા દેવો ને સેવો...' ગીત ગાઇ પસાર થતાં પ્રજ્ઞાચક્ષુ પિતા અને નાના પુત્રનો અભિનય કરનાર ઉમેશભાઇ, ધ્રુવની બેલડી સૌને સ્પર્શી ગઇ. ત્યારબાદ સુમધુર કંઠ ધરાવનાર નિશા અને અન્ય બહેનો 'ઐસા પ્યાર બહા દે મૈયા.....' એ ભજન રજૂ કરતાં વાતાવરણ ભાવપૂર્ણ બની જાય છે. કાર્યક્રમના અંતે આશાબેનના ભાવવાહી સ્વરે જાણે શિબિરાર્થીઓના હૃદયના ભાવોને રજૂ કરતું પૂ. શ્રીનું જ ભજન રજૂ થાય છે :

જો જો મને કદીયે વિસરી જશો તમે ના,
વિસર્યો નથી હજુયે, વિસરી જશો કદી ના...
રક્ષા તમે કરી છે, યાદી ઉરે રમે છે,
રક્ષા તણા વચનને, વિસરી જશો તમે ના...
પાગલ થયો તમારો, એ વાત ના વિસારો,
અંતર તમારું આસન, ખાલી થશો કદી ના...જો જો.

ભજનની પંક્તિઓ સાથે પૂ. માની આંખમાં અશ્રુની ધારા વહી. અને પૂ. માને જોઇ ભક્તહૃદયમાં પણ એનો પ્રતિસાદ પડયો. ભજન તો પૂર્ણ થઇ ગયું, પરંતુ પૂ. માની એ ભાવ-સમાધિની દશા, અનવરત અશ્રુધારાનું દર્શન ચાલુ જ રહ્યું. શબ્દ પણ બ્રહ્મસ્વરૂપ છે. પૂ. શ્રીએ આ પદ રચ્યું ત્યારે હિમાલયની એકાંત ભૂમિમાં 'મા' જગદંબાના વિરહમાં કેટલા પોકારો પાડયા હશે, કેટલાં આંસુઓ સાર્યાં હશે. આજે પૂ. શ્રી યોગેશ્વરજી જ



જાણે પૂ. માના સ્વરૂપમાં એકરૂપ થઇ ગયા. અને એ દશાનું પુનરાવર્તન થયું.

૧૯૭૮–૭૯ દરમ્યાન પણ પૂ. મા જ્યારે પૂ. શ્રીથી વિખૂટાં પડતાં તો હૈયાફાટ રુદન કરતાં. અને વળી એમના નિવાસસ્થાન કોટયાર્કનગરના એ દિવસો દરમ્યાન પણ પૂ. માની એવી ભાવમય દશા હતી જ્યારે કલાકો સુધી, રાત્રે ઊંઘ ન આવે પણ ચોધાર આંસુ જ ચાલ્યા કરતાં. પુસ્તકોમાં વાંચેલી એ બધી વાતો પૂ. માને નિહાળી મૂર્ત થઇ ગઇ.

તન્મયતા અને એકરૂપતાની સર્વોચ્ચ અવસ્થામાં ભેદ નાશ પામે છે અને લય થઇ જતાં વ્યક્તિ પોતે જ ઇષ્ટરૂપ બની જાય છે. પૂ. મા એ સમયે જાણે 'મા' નહીં પરંતુ સ્વયં પ્રભુ યોગેશ્વરજી હતા. એ સમયના ભાવો, એ સમયની વેદના, કરુણ આક્રંદોનો ઇતિહાસ જાણે પૂ. મા દ્વારા પુનરાવર્તિત થયો. સદ્‌ભાગી ભક્તો એ નજરે નિહાળી રહ્યા.

શિબિરની આ આખરી પળો હતી. યજમાન સમાં પદ્માબેને સૌને કુમકુમ તિલક કરી વિદાય આપવાની શરૂઆત કરી. સૌની આંખોમાં આંસુનાં તોરણ હતાં. કોઇને અહીંથી જવું ન હતું. અહીં તો જાણે ભગવાન શ્રીકૃષ્ણનો મહારાસ રચાયો હતો અને દરેક શિબિરાર્થી એ ઘેલી ગોપી હતી. જગતનું બધું ભાન વિસરી એક માત્ર પૂ. મામય થઇ ગયેલ હતા. આનંદનો એ મહોત્સવ બરાબર ચૌદ દિવસ ચાલ્યો.

રામકૃષ્ણદેવ કહેતા કે લોકો સંસારી વિષયો માટે તો ઘડા ભરી આંસુ વહાવે છે, પણ ઈશ્વર માટે એક આંસુ કોઇ સારતું નથી. જ્યારે અહીં તો પૂ. માની પ્રેમસંનિધિએ સૌને સાધનાના

ભાર વિના પ્રભુ માટે, પોતાના 'મા' માટે અશ્રુ સારતા કરી દીધા. ભગવાન માટે ભક્તના હૃદયમાં ઊભરતા પ્રેમના એ દ્યોતક હતાં.

વહેલી સવારથી જ જુદી જુદી ફ્લાઈટમાં ભક્તોના સમૂહ વિદાય થયા. આખો જ દિવસ પૂ. માની એ અવસ્થા કાયમ રહી. છેક ઝાંપાસુધી, પોતાના પ્રિય ભક્તોને વિદાય આપવા પૂ. મા આવતાં રહ્યાં, આશિષ ધરતાં રહ્યાં.

વિદેશની અવનવી ભૂમિપર એ રીતે એક સુંદર અને યાદગાર શિબિરની પૂર્ણાહુતિ થઈ. જીવનમાં દિવસો તો અનેક પાસર થાય, પરંતુ જેટલા પ્રભુપ્રીત્યર્થે કાર્ય કરતાં પસાર થાય, તેમની સંનિધિમાં પસાર થાય તે જ સાચા. તેટલું જ જીવન જીવાયું ગણાય. બાકીનું બધું ફોગટ. જીવનને ધન્યતા ધરનાર, પૂ. માનું પરમ પ્રેમમય સાન્નિધ્ય ધરનાર, જીવનને ઉર્ધ્વગામી બનવાનો સંદેશ ધરનાર, કેલગિરિની આ શિબિર હંમેશ માટે યાદ રહી જશે. મનના સ્મૃતિપૃષ્ઠ પર આ દિવસો સુવર્ણાક્ષરે અંકિત થઈ જશે.

આ અપૂર્વ અવસરમાં સામેલ થવાનું સદ્ભાગ્ય ધરનાર પૂ. માનાં શ્રીચરણે અનંત વંદન હજો.

જય કૃપાળુ મા.

○



# પ્રણામનો પાસપોર્ટ

જ્યોત્સ્નાબેન ત્રિવેદી

"માનાં નિત્ય ઊઘાડાં દ્વાર, માના બાળકડાંને કાજે" એવી બાળકોની કાલીઘેલી વાણીને "હું પણ વાટ જોઉં છું તારી" એવી માની પ્રત્યોક્તિ. પરસ્પરના પ્રેમભાવની ઉત્તમ આદાન પ્રદાનતા– મા અને બાળકોની વચ્ચે ચાલ્યા જ કરતી હોય છે. પણ ક્યારેક બાળકોના પરમ શ્રેયાર્થે શ્રી મા વિદેશી કચેરીઓમાંથી પસાર કરવી પડતી વિઝાની પ્રક્રિયા કે પાસપોર્ટ માટે જોઈતા ડોક્યુમેન્ટસની પારદર્શિતા જેવી કસોટી ઊભી કરે છે.

તા. ૧૮/૨/૨૦૦૨ ના રોજ શ્રી શ્રી માનું અંબાજીથી 'સત્ય-પથ'માં આગમન, માના બાળકો માટે ખૂબ આનંદદાયક હતું. પરિશ્રમિત હોવા છતાં, શ્રી માએ બાળકોના દર્શનની ભાવના પૂરી કરી. આનંદનું પાથેય ગાંઠે બાંધીને ફરતાં મા એ સર્વ સ્થળે કોઈ પણ જાતના આનંદની છોળો ઉઠવા માંડે. સહુ મા–પ્રભુના રંગે રંગાઈ જાય. પણ આની વચ્ચે પણ જેના હૈયા સતત સહુનું કલ્યાણ જ વસેલું છે, તેવાં મા ક્યાંક સર્ચલાઈટ પણ ધરે. એવી જ એક દીકરીને નિમિત્ત બનાવીને શ્રી માએ પ્રણામની મહત્તા અને ન કરનાર માટે જરા લાલ આંખ પણ કરી.

પ્રણામ એ પૂ. શ્રી માની સાધનાપદ્ધતિનો વિશિષ્ટ નિયમ છે. ઘણા હિંદુ અને હિંદુ સિવાયના સંપ્રદાયોમાં પ્રણામની પદ્ધતિ જોવા મળે છે. પણ પૂ. શ્રી માએ તો પોતાની સાધનામાં તેને તાણા–વાણાની જેમ વણી લીધી છે, અને હવે તો તેઓશ્રીની

છેલ્લા બાર વર્ષથી અતિ નિયમિત પ્રણામ સાધનાની અનુભૂતિને પરિણામે, શ્રી મા સહુ કોઇ માટે એવો આગ્રહ રાખે છે કે જે કોઇ પ્રણામની અવગણના કરે અથવા તેમાં અનિયમિતતા કરે, તે સહુ શ્રી માની અવગણના કરે છે, એટલી હદે તેઓશ્રીએ પ્રણામ- ની સાધના સાથે તદ્રૂપતા કેળવી છે.

શ્રી માએ તે દીકરીને કહ્યું પ્રણામ એ સત્યપથમાં પ્રવેશવાનો પાસપોર્ટ છે. પ્રભુએ જ્યારે આપણાં કામ કર્યાં હોય ત્યારે આપણે અતિ નિયમિત રીતે તેની પ્રત્યેની કૃતજ્ઞતા દાખવવા, તે કરવા જ જોઇએ. પ્રણામ એ રક્ષણની વાડ છે. એક નાનકડો નિયમ પણ જીવનને તારી દે છે. આપત્તિમાં રક્ષા કરે છે. કરો, કરો અને બસ પામો, પામો. અને પછી પામેલું સાચવવા માટે પણ પ્રણામ કરો. એવી આવી મહત્ત્વની વાત તેઓશ્રીએ કરી. પૂ. શ્રી માએ અત્યાર સુધીમાં શ્રી ભગવાનજીભાઇની હાજરીમાં જેટલા નિર્જળા ઉપ- વાસ કર્યા હતા, તેટલા પ્રણામ તેઓશ્રીએ લોસએન્જલસમાં એક દિવસમાં કર્યા તેમ જણાવ્યું. ૨૦૦ કે ૩૦૦ પ્રણામની બેઠક પછી ૧૦ મિનિટની વિશ્રાંતિ અને એ રીતે એક દિવસમાં કર્યા.

'પ્ર' અને 'પ્રભુ' અને નામ એટલે ન + આમ્. પ્રભુ સિવાય બીજું કંઇ જ નહીં તેટલે નામ. આપણને પ્રભુની ઓળખ નામ- થી જ થાયછે. નામસ્મરણ કરતાં કરતાં નામરૂપ બની ગયેલા અનેક ભક્તચરિત્રો આપણે વાંચ્યાં છે, જાણ્યાં છે. આપણે તેને પ્રણામ કરીએ તેમાં એકાકાર બનીએ, તેવી નમસ્કારની મૂળભૂત ભાવના છે.

પૂ. શ્રી ડોંગરે મહારાજ તો વારે વારે કહે છે કે "વંદન પ્રભુને બંધનમાં નાંખે છે." નમ્યા તે પ્રભુને ગમ્યા. એટલે



અહંકારરૂપી શત્રુને નાથવાનું મોટામાં મોટું બ્રહ્માસ્ત્ર પ્રણામ છે, નમ્રતા છે. અહીં તો નામને આપણે 'પ્ર' પૂર્વગ લગાડીએ છીએ એટલે વિશિષ્ટ રીતે નામ લઇએ છીએ. એટલે કે પ્રણામ કરીએ છીએ જેમાં મનની સાથે તનનું અને તનની સાથે મનનું– પરસ્પરનું અનુસંધાન–જોડાણ થાય છે. તન મનની ચાલતી ઉંદર બિલાડીની રમતજેવી તનમનની વૃત્તિને એકચિત્ત કરવાનું આ સાધન છે.

પૂ. શ્રી મા આપણા તનને સાચવવાની પણ ચિંતા રાખે જ છે કે તન સ્વસ્થ તો મન સ્વસ્થ. પ્રણામ આરોગ્ય પ્રદાયક છે. વધુ નહીં તો નિયમિત પાંચ પ્રણામ કરો. **સમુદ્ર વસને દેવિ** પૃથ્વીને પ્રણામ કરો તો ખૂબ સારું, પણ ન થાય તો ચાલશે, પણ પ્રભુને પાંચ પ્રણામ તો કરો, કરોને કરો જ. પથારીમાંથી ઊઠીને સીધા જ પાંચ પ્રણામ કરી લો. તમારી દિવસભરની ચિંતા પ્રભુને સોંપી દો. એટલે તમે નિશ્ચિંત થઇ કોઇ પણ કાર્ય સરસ રીતે પાર પાડી શકશો.

હરિદ્વારમાં શ્રી માએ એમ જણાવેલું કે પ્રણામનું ફળ એક રાજસૂયયજ્ઞ જેટલું છે. તો સામાન્ય યજ્ઞ એ પણ આપણા વશની વાત નથી. તો રાજસૂય યજ્ઞ તો કેટલી મોટી વાત! તો શ્રી મા આપણને કેવો સરસ શોર્ટકટ પોતાની અનુભૂતિને આધારે બતાવે છે! જેની પાસે બેંક બેલેન્સ હોય તે જ ચેક ફાડી શકે. અનુ- ભૂતિનું નક્કર ભાથું હોય તે જ છાતી ઠોકીને આવી કોઇ વાત કહી શકે.

શરીરશાસ્ત્રની દૃષ્ટિએ કે આરોગ્યની દૃષ્ટિએ જોઇએ તો આપણે બંને હાથ જ્યારે આપણા હૃદયકમળ આગળ સ્થિર કરીએ

છીએ, ત્યાં એક્યુપ્રેશરનો મહત્ત્વનો પોઇન્ટ સોલાર આવેલો છે જે બ્લડપ્રેશર ઉપરાંત આપણી એબડોમન (પેટ અને તેની આજુ-બાજુના અવયવોને) સંભાળે છે. એટલે સહજ જ પેટની અગત્યતા આપણને ખબર છે. આયુર્વેદ કહે છે, "પેટ સાફ તેના બધા ગુન્હા માફ." એ રીતે તે આપણી પાચનક્રિયાને ખૂબ મદદરૂપ છે. આપણા અગત્યના સાંધાઓ ખભા, કોણી, ઢીંચણ અને ઘૂંટણ એ બધાને જ સ્વસ્થ રાખે છે, નહીંતર તે જકડાઇ જાય અને તેની વેદના ભોગરનારને પૂછો.

વાસ્તુશાસ્ત્રની દૃષ્ટિએ જ્યારે જમણો અને ડાબો હાથ મળે છે ત્યારે નેગેટીવ અને પોઝીટીવ વિચાર મળી એક તટસ્થતા કહેવાય છે. અને એક સાત્ત્વિક કાર્ય જ્યારે કરતા હોઇએ ત્યારે આજુ-બાજુના વાતાવરણની સાત્ત્વિકતા આપણને તેમાં મદદરૂપ થાય છે. "આટલું બધું વૈજ્ઞાનિક છે પ્રણામનું શાસ્ત્ર." પૂ. શ્રી મા આપણું જીવંતશાસ્ત્ર છે તેઓશ્રી દરરોજ ૨૫૧ પ્રણામ કરે છે અને દરેક પર્વ ઉપર "अधिकस्य अधिकम् फलम्" એમ પ્રણામ-ની અધિકતાથી જ પ્રભુને પ્રસન્ન કરે છે.

નિયમિત પ્રણામ સાધના ઉપરાંત જાગીને સૂતા પહેલાં બહાર જતાં કે ગંતવ્ય સ્થળ પર પહોંચી શ્રી મા પ્રણામ પુષ્પોની માળા જ પ્રભુને ચઢાવે છે. અને કૃતકૃત્યતા અનુભવે છે.

તો ચાલો, આપણાં વ્હાલાં માનો રાજીપો પ્રણામ સાધના કરીને લઇએ. જાગ્યા ત્યાંથી સવાર. પૂ. શ્રી મા કહે છે, "હું પગાર તો નથી માંગતી. ઉપવાસ કરવાનું પણ નથી કહેતી, પાઠ કરવાનું નથી કહેતી, માત્ર પ્રણામ કરવાનું જ કહું છું."

શ્રી નારાયણભાઇ જાની આ ઉંમરે પણ ૧૫૧ પ્રણામ કરે છે.



શ્રી વિજય કલોલા, શ્રી શાન્તિભાઇ, શ્રી આકોલિયા સાહેબ વગેરે સહુ દિવસના ૩૫૦ પ્રણામ કરી વર્ષાન્તે એક લાખ પ્રણામ શ્રી મા–પ્રભુના ચરણે ભેટ ધરે છે. શ્રી મહેન્દ્ર ભક્ત કે કૃપાનાં ઉદાહરણો પણ અનુકરણીય છે. એટલે મનને તાબે ન થતાં, આળસને હવાલે ન થતાં પ્રણામ કરો, કરો અને કરો, એવો પૂ. માનો પ્રેમ પૂર્ણ આદેશ, આગ્રહ આપણે સહુ વધાવી લઇએ.


કોઇ પણ વિઘ્ન એવું નથી જે યોગ્ય ઉપાય ને ઈશ્વરકૃપાથી દૂર ના થઇ શકે. માટે કોઇ પણ કારણે સાધકે નિરાશ થવાની જરૂર નથી.

યોગેશ્વરજી

ફોન : ૩૨૧૦૭૦૭, ૩૨૨૧૮૧૦

મોબાઇલ : ૯૮૨૫૧૩૭૩૫૫

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.

## ભણી–ગણી આગળ વધીએ
## શિક્ષણને આપણો સાચો સાથી બનાવીએ

### અનુસૂચિત જનજાતિના શૈક્ષણિક ઉત્કર્ષની વિવિધ યોજનાઓ

- ધોરણ ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓને રાજ્ય શિષ્યવૃત્તિ.
- ધોરણ ૮ થી ૧૦ માં માન્ય ખાનગી સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ટ્યુશન ફી આપવાની યોજના.
- આવક મર્યાદાના કારણે પાત્ર ન બનતી હોય તેવી બહેનોને એસ.એસ.સી. પછીના અભ્યાસ માટે રાજ્ય શિષ્યવૃત્તિ.
- વિદ્યાર્થીઓને કોલેજ સંલગ્ન છાત્રાલયો અને કોલેજ માન્ય છાત્રાલયોમાં ફૂડબિલ સહાય.
- તકનિકી અને વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વૃત્તિકા.
- કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે નાણાકીય ધિરાણ.
- ધોરણ ૧ થી ૭ માં અભ્યાસ કરતાં બાળકોને વિનામૂલ્યે ગણવેશ.
- 'વિદ્યા સાધના યોજના' હેઠળ ધોરણ–૮ માં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ ભેટ આપવાની યોજના.
- 'સરસ્વતી સાધના યોજના' હેઠળ ધોરણ–૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાયકલ ભેટ આપવાની યોજના.
- ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા આદિમ જુથના છોકરા–છોકરીઓને ખાસ પ્રોત્સાહક સહાય.
- તબીબી, ઈજનેરી, ખેતીવાડી, પશુપાલન અને પોલિટેકનિક કોલેજના વિદ્યાર્થીઓ માટે પુસ્તક બેંક.
- તબીબી, ઈજનેરી, પોલિટેકનિક અને ડિપ્લોમાં કોલેજના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધન–સામગ્રી અને અન્ય લેખન સામગ્રીની ખરીદી માટે નાણાકીય સહાય.
- પછાત વર્ગના છાત્રાલયોને સહાયક અનુદાન અને વીજળીકરણ કરવાની યોજના.



# પૂ. મા સાથેની પ્રશ્નોત્તરીનું સંકલન

તંત્રી

તા. ૨૨–૨–૨૦૦૨ ના રોજ સત્યપથમાં પૂ. માએ સાધકોના પ્રશ્નોના પ્રત્યુત્તર આપેલા, તેવી પ્રશ્નોત્તરીની ચર્ચા થતી હતી. તેમાં એક બેને સૂચન કર્યું કે આવી પ્રશ્નોત્તરીની કોઇ પુસ્તિકા હોય તો તે સાધકોને ઉપયોગી થાય. આથી એવું વિચારાયું છે કે જે કોઇ સાધકોને પૂ. મા સાથે કોઇ પ્રશ્નોત્તરી થઇ હોય અને તેની જો કોઇ નોંધ તેઓએ રાખી હોય તો તેની નકલ નીચેને સરનામે મોકલી આપે.

**ડૉ. બી. જે. જાગાણી**

૨૪, નાલંદા ટેનામેન્ટ્સ, સ્ટેટબેંક ઓફ સૌરાષ્ટ્ર ટ્રેઈનિંગ સેન્ટર પાસે,
ભાંગલીગેટ, ભાવનગર–૩૬૪૦૦૨

લખાણ સારા અક્ષરે અને કાગળની એક બાજુ લખવું.


અંબાજીમાં ક્યાં ઉતરશો?

"સ્વર્ગારોહણ"

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦

એસ. ટી. ડી. ૦૨૭૪૯ / ટે. નં. ૬૨૨૬૯

# પૂ. માની અનોખી લીલા

તંત્રી

આ દિવસે (તા. ૧૮/૨/૦૨) પૂ. માની એક અદ્‌ભુત લીલા પણ જોવા મળી. એક યુવાન બેન પોતાની ચારેક વર્ષની પુત્રી સાથે પૂ. માના દર્શને આવી. પૂ. માને બાળકો ગમે અને તેમાં પણ જો તેમનામાં સંસ્કાર અને ભાવ જુએ, તો તો પૂછવું જ શું? એકદમ વરસી પડે. એમને થાય કે એ બાળકને શું ને શું આપી દઉં!

એ નાની બાળકી અરણ્યા પૂ. માને ખૂબ ભાવથી પગે લાગી. પૂ. માને તે ગમ્યું. એટલે તેને થોડી વધુ ચોકલેટો–પૂ. મા પાસે પ્રસાદમાં આપવા રાખેલી હતી, તે આપી. પૂ. મા બાળકનું મન તપાસવા તે પાછી માગે અને જો બાળક બીલકુલ હિચહીચાટ વિના તે આપી દે, તો તો પૂ. મા તેની પરીક્ષા કરવા બધી જ લઈ લે. ઘડીભર બાળક જો એકલપેટુ કે સ્વકેન્દ્રિત હોય, તો તેને લાગે પૂ. માએ મારું બધું જ પાછું લઈ લીધું. તેને થાય કે તો પછી આપ્યું જ શું કરવા?

પરંતુ અરણ્યા એવી બાળકી ન હતી. પૂ. માને બધી જ ચોકલેટો આપી દેતાં, તેના મોઢા પર સ્હેજ પણ અફસોસ વરતાતો ન હતો. પૂ. મા તે ચોકલેટોને લઈને પોતાના ઓરડામાં ગયાં અને ત્યાંથી એક કેળું અને એક વિદેશી ફળ લઈને બહાર આવ્યાં. અને અરણ્યાને બધી ચોકલેટો ને બંને ફળ આપી દીધાં. પૂ. માની આ લીલા અમે સહુ જોઈ રહ્યા. કેવી સરસ પ્રેમની અભિવ્યક્તિ!



પણ અરણ્યાની ઉમ્મરનો જ છોકરો તેની માતા સાથે પૂ. માના દર્શને આવ્યો. તે પણ પૂ. માને પગે લાગ્યો. પૂ. માની પાસે આવેલ બાળક ભાગ્યે જ કંઈ લીધા વિના પાછો ફરે. પૂ. માનો આવો સ્વભાવ. પરંતુ તેને આપવું શું?

હવે પૂ. મા પાસે હાથવગું તો કંઈ હતું નહિ. એટલે તેઓએ અરણ્યા તરફ નજર દોડાવી અને આપવા કહ્યું. અરણ્યાએ તુર્ત જ બંને ફળો ને ચોકલેટો પૂ. માને આપી દીધી. પહેલાંના જેવી જ નિસ્સ્પૃહતાથી. જોનારાં સહુ અને પૂ. માને તેથી આનંદ થયો. તેઓએ તે ફળો અને ચોકલેટો પેલા છોકરાને દઈ દીધી.

કલ્પો કે બે સરખી ઉમ્મરનાં બાળકો પાસે પાસે જ બેઠાં હોય અને એકની પાસે બાળકોને ગમતી ચોકલેટ ને ફળ હોય અને બીજાની પાસે કશું જ નહિ! અને તે પણ જેની પાસે અત્યારે કશું જ નથી, તેની પાસેથી લઈને બીજા બાળકને મળ્યું હોય! જરા વિચિત્ર લાગે એવું દૃશ્ય. આથી છોકરાની માતાએ તેને સમજાવી અડધી ચોકલેટો અરણ્યાને આપવા માંડી, પરંતુ તેણે તે ના લીધી.

પરંતુ પૂ. મા આવી ઉદાર છોકરીને નિરાશ થઈને ખાલી હાથે થોડાં જવા દે! તેઓ ફરી પોતાના ઓરડામાં ગયાં અને વધુ ચોકલેટો અને ફળો લાવીને અરણ્યાને આપ્યાં. અરે, મા કોનું નામ!

પૂ. માની આ ખરે જ એક લીલા હતી. તે દ્વારા પૂ. મા સૂચવવા માગતાં હતાં કે આપણી પાસે જે કંઈ છે તે બધું પ્રભુનું જ આપેલું છે. તો પ્રભુનિમિત્તે આપવાનું થાય, તો આ અરણ્યાની જેમ આપતાં શીખો. વિશ્વાસ રાખો કે ભાગ્યમાં હશે તે મળવાનું

જ છે અને ઘણીવાર પ્રભુ લઇ લેતો હોય તો પૂ. માની જેમ કંઇક ઉમેરીને આપવા માટે જ. અને કદીક ના આપે તોય શું? જેણે દીધું હતું તેણે લઇ લીધું. એ એની મરજી. એમાં દુઃખી થવાનું શું? પરંતુ માણસના સ્વભાવમાં એવી ધીરજ અને શ્રદ્ધા ક્યાં? કંઇક મળતાં આનંદ અનુભવે અને જાય ત્યારે દુઃખી દુઃખી થઇ જાય.

એ સાથે એ પણ જોયું કે કોઇ પણ સરસ કે કિંમતી વસ્તુ આપતાં પૂ. માને સહેજ પણ સંકોચ ના થાય. એવું લાગે કે પૂ. મા એટલે નિસ્સ્પૃહતાની સાક્ષાત્ દેવી. એક ભગવાન સિવાય બીજા કશામાં આસક્તિ નહિ. निस्पृहीणम् तृणं जगत्। નું પ્રત્યક્ષ ઉદાહરણ એટલે પૂ. મા સર્વેશ્વરી.

શ્રી યોગેશ્વર કૃપા
સંદીપ વેલ્ડીંગ વર્ક્સ
ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫૦૦૭
ફોન : ૩૨૨૮૨૩૧



# અધ્યાત્મનો અર્ક

યોગેશ્વરજી

**પ્રશ્ન :** આત્મવિકાસની સાધનામાં ઉપવાસથી કોઇ મદદ મળે છે ખરી? મળતી હોય તો કેવીક મળે છે?

**ઉત્તર :** આત્મવિકાસની સાધનામાં, સાધક જો જાગૃત હોય તો ઉપવાસથી મદદ મેળવી શકે છે. આરોગ્યની દૃષ્ટિએ લાભ પહોંચે છે, એની અસર મન પર થતી હોય છે. પ્રમાદ તથા આળસ ઓછાં થવાથી ઉપવાસ દરમિયાન દિવસે તથા રાતે સાધનામાં મનને વધારે સારી રીતે પરોવી શકાય છે.

**પ્રશ્ન :** ઉપવાસ દરમિયાન ફળાહાર કરી શકાય?

**ઉત્તર :** કેવળ પાણી પર કે દૂધ પર રહીને ઉપવાસ કરવાનું સર્વશ્રેષ્ઠ છે. પરંતુ જેમનાથી એવી રીતે ઉપવાસ ના કરી શકાય, તે એકાદ વાર ફળ લઇને અથવા ફળાહાર કરીને ઉપવાસ કરી શકે છે. પણ તે ફળાહાર ખૂબ જ સાદો અને થોડો, આળસ ઉત્પન્ન ના કરે તેવો હોવો જોઇએ. આજે કેટલાક લોકો કરે છે તેમ પેટ ભરીને ભારેખમ ફળાહાર કરવાથી સાધનામાં મદદ મળી શકતી નથી. એથી શરીરના આરોગ્યનો હેતુ પણ સરતો નથી. ઉપવાસ-ના નામને ખાતર જ કેવળ ઉપવાસ કરવામાં આવે છે.

**પ્રશ્ન :** ઉપવાસ વિશે કોઇ બીજું જરૂરી માર્ગદર્શન આપશો?

**ઉત્તર :** ઉપવાસ કરનારે મનને નિર્મળ અથવા સાત્ત્વિક કરવા તરફ ખાસ ધ્યાન આપવું જોઇએ, કેટલાક સારા નિયમો

પાળવા જોઈએ. તથા ભૂલેચૂકે પણ કોઈ કુકર્મ ના થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. ઉપવાસના દિવસે જૂઠું ના બોલાય, ક્રોધ ના કરાય, કોઈની સાથે છેતરપીંડી ના થાય. કોઈને દુઃખ ના પહોંચાડાય કે નુકસાન ના થાય, કોઈને અન્યાય ના કરી બેસાય, અનીતિયુક્ત વ્યવહાર ના થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. ઉપવાસ ના હોય તે દિવસો દરમિયાન પણ એવા શુદ્ધ વ્યવહારના માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ, પરંતુ ઉપવાસ દરમિયાન તો તેની ખૂબ જ તકેદારી રાખવી જોઈએ. તો જ ઉપવાસ આત્મિક વિકાસમાં મદદરૂપ બની શકે; નહિ તો રૂઢિ કે પરંપરાનું જડરૂપ ધારણ કરે.

**પ્રશ્ન :** કેટલાક લોકો કહે છે કે યોગ અને જ્ઞાન પરસ્પર વિરોધી છે. તો તે બાબતમાં તમારો અભિપ્રાય કેવો છે તે જણાવશો?

**ઉત્તર :** યોગ અને જ્ઞાન પરસ્પર વિરોધી છે એવી માન્યતા બરાબર નથી. એ બંને વિરોધી નથી પરંતુ અવિરોધી અને પૂરક છે. એ બંનેનું ધ્યેય કે પ્રાપ્તવ્ય એક જ છે—સ્વરૂપનો સાક્ષાત્કાર અને બંને પોતપોતાની રીતે એની સિદ્ધિમાં ફાળો આપે છે. પક્ષીની બે પાંખ અને માનવીની બે આંખ, શું પરસ્પર વિરોધી છે? બે પાંખને લીધે અને માનવીની બે આંખને લીધે બંનેની શોભા છે. પક્ષીને ઊડવા અને માનવને સારી રીતે જોવા માટે કામ લાગે છે. એવી રીતે જ્ઞાન જેને શાસ્ત્રાધ્યયન તથા ચિંતન-મનનની પ્રક્રિયાદ્વારા બૌદ્ધિક રીતે સમજાવે છે તેને યોગ અનુભવની એરણ પર કસીને સાચું ઠરાવે છે. મને તો એ બંનેમાં કશો વિરોધ નથી દેખાતો. જ્ઞાન પણ છેવટે તો સ્વરૂપના સાક્ષાત્કાર અને સ્વરૂપની નિષ્ઠા માટે છે અને યોગની સાધનાનું પ્રયોજન પણ એ જ છે.



**પ્રશ્ન :** બૌદ્ધિક જ્ઞાનની પ્રાપ્તિ પછી યોગસાધનાની આવશ્યકતા રહે છે ખરી?

**ઉત્તર :** બૌદ્ધિક જ્ઞાનથી આત્માનો અપરોક્ષ અનુભવ નથી થતો. એવા અનુભવવિના જ્ઞાન અધૂરું રહે છે. એથી શાંતિ નથી મળતી ને જીવન ધન્ય પણ નથી બનતું. પરમશાંતિની પ્રાપ્તિ માટે ને સ્વરૂપના સાક્ષાત્કારદ્વારા જીવનને કૃતાર્થ કરવા માટે ધ્યાનાદિ યોગસાધનાની આવશ્યકતા છે. બૌદ્ધિક જ્ઞાનથી શંકાસમાધાન થાય છે. સહેજ સંતોષ મળે છે, તત્ત્વની સમજ સાંપડે છે, પરંતુ તત્ત્વનો સાક્ષાત્કાર નથી થતો. ત્યાંથી આગળ ચાલીને યોગની સાધના પરમતત્ત્વનો કે સનાતન સત્યનો સાક્ષાત્કાર સહજ કરી દે છે; બૌદ્ધિક જ્ઞાનને અનુભવમાં પરિણત કરે છે. એટલા પૂરતી એની આવશ્યકતા છે જ.

**પ્રશ્ન :** ગીતાના છઠ્ઠા અધ્યાયમાં યોગ આત્માની શુદ્ધિ માટે છે એવું કહેવામાં આવ્યું છે તે સાચું છે?

**ઉત્તર :** સાચું છે. છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે કે **योगमात्म-विशुद्धये।** એ કથન પ્રમાણે યોગ આત્માની અથવા પોતાની જાતની વિશુદ્ધિની માટે છે એ સાચું છે. પરંતુ યોગની સાધના આત્માના દર્શન કે સાક્ષાત્કાર માટે પણ છે એ ખાસ યાદ રાખવાનું છે. પોતાની જાતની પૂરેપૂરી વિશુદ્ધિની સિદ્ધિ થતાં આત્મદર્શન શક્ય અથવા સહજ બને છે એટલે ગીતાના એ કથનને એવા વિશાળ અર્થમાં લેવાની જરૂર છે.

**પ્રશ્ન :** યોગની સાધનાના અંતરંગ અને બહિરંગ એવા બે પ્રકાર પાડી શકાય ખરા?

**ઉત્તર :** પાડવાની એટલી બધી અનિવાર્ય આવશ્યકતા નથી

તોપણ આવશ્યકતા જણાતી હોય તો પાડી શકાય. તે પ્રમાણે યમ અને નિયમ અંતરંગ સાધન છે, આસન તથા પ્રાણાયામ બહિરંગ સાધન છે, અને પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિને અંતરંગ સાધનાનાં અંગો કહી શકાય.

**પ્રશ્ન :** ऋते ज्ञानान्न मुक्तिः । 'જ્ઞાન સિવાય મુક્તિની પ્રાપ્તિ નથી થતી' એવું કહેવામાં આવે છે તે સાચું છે?

**ઉત્તર :** સાચું છે, પરંતુ એ વાક્યમાં જે જ્ઞાનનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે જ્ઞાન શાસ્ત્રજ્ઞાન કે ચિંતનમનનાત્મક બૌદ્ધિક જ્ઞાન નથી, પરંતુ આત્માનું અપરોક્ષ જ્ઞાન છે. આત્મ-દર્શનના પરિણામે થનારું આત્માનું પ્રત્યક્ષ અનુભવાત્મક જ્ઞાન મુક્તિના સીધા સચોટ કારણરૂપ થઇ પડે છે.

(ક્રમશઃ)

## સુવાક્ય

આ બધાં બંધનોનું કારણ છે અજ્ઞાન. અજ્ઞાનથી જ આપણે બદ્ધ થયા છીએ. એમાંથી છૂટવાનો ઉપાય છે જ્ઞાન; એ આપણને પેલે પાર લઇ જશે. એ જ્ઞાન કઇ રીતે આવે? પ્રેમથી, ભક્તિથી, ઈશ્વરની ઉપાસનાથી, સર્વ ભૂતોને ઈશ્વરનાં મંદિરો સમજી સર્વ જીવોપ્રત્યે પ્રેમ રાખવાથી એ જ્ઞાન પ્રાપ્ત થાય. બધામાં તે જ વસેલો છે. આમ તીવ્ર ભક્તિથી જ્ઞાન આવશે, અજ્ઞાન ચાલ્યું જશે, બંધનો તૂટી જશે અને આત્મા મુક્ત થશે.

— સ્વામી વિવેકાનંદ



# રામકથા

(ગતાંકથી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'તો પછી એને લઇ આવો. હું તમારે તથા એને માટે રથની વ્યવસ્થા કરી દઉં છું.'

'વાલ્મિકીએ આશ્રમમાં આવીને સીતાને સઘળી કથા કહી સંભળાવી.

એ સાંભળીને સીતા તથા બીજા આશ્રમવાસીઓ આનંદ પામ્યા.

ફક્ત એક આશ્રમવાસી શિષ્યપર એની પ્રતિક્રિયા બહુ સારી ન પડી. એનું નામ ભૃગુ હતું.

સીતા સૌથી પહેલાં આશ્રમમાં આવી ત્યારે જ એણે વાલ્મિકીના એક બીજા શિષ્ય કદ્રુને કહેલું : 'જોયું ને? મહર્ષિ સીતાપર મોહાઇને એને આશ્રમમાં લઇ આવ્યા! એનું રૂપ એવું છે કે એનાથી કોઇ પણ મોહાયા વિના ન રહી શકે.'

કદ્રુએ કહ્યું : 'એ તો દયાથી પ્રેરાઇને એને આશ્રય આપવા માટે પોતાની પુત્રી બરાબર માનીને લાવ્યા છે.'

'એ તો કહેવાનું. એમના મનમાં શું છે તેની તને શી ખબર પડે?

'આપણા ગુરુદેવ છે એટલે એમના સંબંધી આપણે એટલું તો જાણીએ ને કે એ કેટલા બધા પરોપકારી ને પવિત્ર છે?

કદ્રુ કાંઇ ન બોલ્યો.

એ પછી લવકુશનો જન્મ થયો ત્યારે પણ એણે પોતાની મલિન મનોવૃત્તિનું પ્રદર્શન કરતાં કહ્યું : 'મુનિની વિષયલાલસા કેવી રીતે બહાર પડી તે જોયું ને?'

કદ્રુએ એ વખતે પણ એનો વિરોધ કર્યો ને કહ્યું : 'મહર્ષિ તથા સીતાને માટે એવી અનુચિત વાત કરવી અથવા એવી કલ્પના સેવવી બરાબર નથી. મહર્ષિ તો આપણા ને સૌના પિતા બરાબર છે.'

વાલ્મિકી સીતાને લઇને રામની પાસે જવા તૈયાર થયા ત્યારે પણ એણે ટીકાટિપ્પણી કરતાં કહ્યું : 'મને તો લાગે છે કે મુનિ પોતાના ને સીતાના સંબંધપર પડદો પાડવા જ આ પ્રવૃત્તિ કરી રહ્યા છે.'

'તારી વૃત્તિ હલકી છે એટલે તને એવું લાગે એ સ્વાભાવિક છે. એ લાગણી કેટલી બધી શરમજનક છે તેનો પણ તને ખ્યાલ નથી. મને ખેદ થાય છે, કે મહર્ષિના સાન્નિધ્યમાં જંગલી જનાવર સુધર્યાં ને હિંસા ભૂલી ગયાં પણ તું ન સુધર્યો. મહાપુરુષોની અકારણ ટીકા કરનારા અને એમના પર અકારણ દ્વેષ રાખનારા જીવો પણ જગતમાં હોય છે એ લોકોકિત સાચી લાગે છે.'

કદ્રુ વાલ્મિકીના ભૃગુ જેવા શિષ્યો સાથે અયોધ્યા જવા તૈયાર થયો. એણે ભૃગુના કાનમાં કહ્યું : 'મુનિ પોતાના અભિનયની કેવી રીતે પૂર્ણાહુતિ કરે છે તે તો જોઇ લઉં. આવું દૃશ્ય ફરી ક્યાં જોવા મળવાનું છે?'



## સમર્પણ

મહર્ષિ વાલ્મિકી પોતાના શિષ્યો સાથે સીતાને લઇને થોડા દિવસ બાદ અયોધ્યામાં આવી પહોંચ્યા ત્યારે આખી અયોધ્યાપુરી એમના દર્શન માટે ઉમટી પડી.

અયોધ્યાનાં આબાલવૃદ્ધ પ્રજાજનોનાં અંતરમાં આનંદની અનેરી લહરી ફરી વળી.

મંદોદરી પણ એ જ વખતે સીતા તથા રામ અને બીજાં સ્નેહીજનોને મળવાની ઇચ્છાથી પ્રેરાઇને વિભીષણ તથા હનુમાનાદિ સાથે આવી પહોંચી.

સીતાના વનવાસની વાત સાંભળીને એને ભારે વ્યથા થઇ. એણે ઊર્મિલાને ઉદ્દેશીને કહ્યું : 'અયોધ્યામાં આવતા વેંત મને અત્યંત અમંગલ સમાચારની પ્રાપ્તિ થઇ. વિધિની વિચિત્રતા છે કે, સીતાને જેમને માટે સૌથી વિશેષ સ્નેહ છે તે રામનો જ વિયોગ એને વેઠવો પડે છે. એના વિયોગનો વખત હવે તો પૂરો થઇ જાય તો સારું.'

ઊર્મિલા બોલી : 'હવે એ વિષમ વખત પૂરો થવાની તૈયારી છે. અત્યારે એ અયોધ્યામાં આવી પહોંચી છે. અયોધ્યાનાં પ્રજાજનોએ એનું અભૂતપૂર્વ સ્વાગત કર્યું છે.'

મધ્યાહ્ન પછી રાજ્યસભાની બેઠકમાં મહર્ષિ વાલ્મિકી સીતા તથા લવકુશ સાથે પ્રવેશ્યા, ત્યારે સભાજનોની સાથે રામે એમનું સ્નેહપૂર્વક સ્વાગત કર્યું.

સીતાને મળવા માટે માતાઓ, સ્વજનો, ને વિભીષણાદિ આગંતુકો આવી પહોંચ્યા.

મહર્ષિ વાલ્મિકી સભામાં શાંતિ થતાં બોલ્યા : 'તમારી સૂચનાનુસાર સીતા તમારા પુત્રો સાથે આવી પહોંચી છે. તમે એનો સહર્ષ સ્વીકાર કરો. મન, વચન, કર્મથી એ એના સમસ્ત જીવનમાં તમારી જ રહી છે. એણે એક તમારી જ આરાધના કરી છે ને નિષ્ઠા રાખી છે. એ મારી પુત્રીતુલ્ય હોવાથી એની વૃત્તિને હું બરાબર જાણું છું. ને તમે પણ જાણો છો જ. જે લોકાપવાદથી પ્રેરાઇને તમે તેનો ત્યાગ કરેલો તે લોકાપવાદ હવે મટી ગયો છે. આટલાં વરસોની વિયોગ વેદના પછી પણ એ તમારી જ રહી છે ને તમારી જ થઇને બહાર આવી છે.'

એ પછી સભાજનો તરફ જોઇને એમણે કહેવા માંડયું : 'સભાજનોમાંથી કોઇને સીતાના ચારિત્ર્ય વિશે શંકા હોય તો બોલી બતાવે.'

એ સાંભળીને સમસ્ત સભા જાણે કે એકી અવાજે બોલી ઊઠી : 'માતા સીતા નિર્મળ છે. અમને એમના ચારિત્ર્ય સંબંધી સહેજ પણ શંકા નથી થતી.'

'પ્રજાના બધા વર્ગના પ્રતિનિધિઓ અહીં ઉપસ્થિત છે. એ સીતા માતાને નિર્દોષ માને છે.' બીજો અવાજ આવ્યો.

રામ એ સાંભળીને મૂક રહ્યા.

એમનું મૌન જોઇને સીતાના મનનો સંકલ્પ દૃઢ બન્યો.

એ કૌશલ્યાદિ માતાઓને પગે લાગી, ઊર્મિલા, મંદોદરી અને બીજી બહેનોને મળી.

(ક્રમશઃ)



# અંતસમે

યોગેશ્વર

[પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ પોતાના સાધનાકાળ દરમ્યાન, ભરયુવાનીમાં લખેલ આ કાવ્યમાં તેઓ કેવા પ્રકારના મૃત્યુની અપેક્ષા રાખે છે, તેની ઝાંખી કરાવી છે. કોઇ પણ સાચા સંતને અપેક્ષિત હોય એવા મૃત્યુની વાત તેમાં આલેખી છે. એ છે કે દરેકને અપેક્ષા પ્રમાણેનું મૃત્યુ થોડું મળે છે! છતાં આશ્ચર્ય સાથે કહેવું પડે કે પૂ. શ્રી યોગેશ્વરજીએ જેવી ભાવના સેવેલી તે પ્રમાણેની જ તેઓના જીવનની અંતિમ ક્ષણો હતી. સેંકડો માણસોની હાજરીમાં મુંબાઇના કાંદીવલીના લક્ષ્મીનારાયણ મંદિરમાં પ્રવચન આપતાં આપતાં જ છેલ્લો શ્વાસ લીધો. તે તેઓની કાવ્યની અંતિમ પંક્તિઓ સાથે કેટલું બંધબેસતું છે તે આપણે જોઇએ.

કરે સદાયે યત્ન શરીર, શમે પારકાની કે પીર,
આશીર્વાદ દઇ દો આજ, પૂર્ણ થઇ જાયે શુભ કાજ.

તા. ૧૮ માર્ચ એ પૂ. શ્રીની પુણ્યતિથિ છે, તે સંદર્ભમાં આ કાવ્ય અહીં રજૂ કરવું ઉચિત સમજુ છું. જય શ્રી યોગેશ્વર.

— તંત્રી]

અંતસમે ગંગાજમનાજલ તુલસીદલને ના ચાહું,
કોઇ કાને રામનામને ફૂંકે એવું ના ચાહું;
ગીતા કે કો શાસ્ત્રપાઠ વંચાવે કોઇ અંતસમે,
એ અભિલાષા છે ના મારી, વિનતી કરવી એ ન ગમે.

અંતકાલની ચિંતા છે ના, થવું હોય તે થાય ભલે,
મારી તો ઇચ્છા છે એક જ, દેહાભિમાન છેક જલે;
જીવન સારું પૂર્ણ તમારા પ્રેમમહીં આસક્ત બને,
પવિત્ર થાયે, સત્ય મેળવે, સિદ્ધ ને વળી મુક્ત બને.

તમારા સ્મરણ ને સેવાથી જીવન મારું ધન્ય બને,
પૂર્ણપણે પ્રાપ્ત કરું તમને આ જીવનમાં આજ તને;
ઘટઘટમાં મૂર્ત બને મૂર્તિ તમારી, પરમાનંદ ધરે,
દશા દેવને દુર્લભ છે એ, અંતર એની આશ કરે.

આંખ જુએ તમને જ ક્ષણેક્ષણ, ઉત્સવ એનો રોજ કરે,
કાન તમારા સ્વર સાંભળતાં અમૃતમાંહી સ્નાન કરે;
શરીર સ્પર્શે થાય સુવાસિત, વિચાર અંજલિરૂપ બને,
ક્રિયા તેમ ઊર્મિ અંતરની ફૂલ બની પૂજે તમને.

સાકાર બની લીલા કરિયે અહીં આપણે આ જગમાં,
મૃત્યુ ભય ને તાપ હઠાવી જીવી રહીએ આ જગમાં.

ઇચ્છા મારી નથી અયોધ્યા વૃંદાવનમાં દેહ પડે,
કાશી તેમ જ કૈલાસ વળી તીર્થસ્થાનમાં દેહ પડે;
કાળ તેમ સ્થળના મારે તો સમ્રાટ થવું આ તનથી,
મૃત્યુંજય બનવું ને જગતને સ્વર્ગસુખદ ગણવું મનથી.

તમારી જ પાસે છે મારું સ્થાન, નથી સંશય એમાં,
ખાતરી એની કરવી મારે, કરવું દર્શન છે તેમાં.

અંતસમે ના ભાન રહેશે, નાડી ખેંચાશે સઘળી,
સત્ય તમારા પ્રેમીને એ સતાવતી ચિંતા ન જરી;



તન ને મન અર્પીને તમને થઇ ગયો જે ભક્ત ખરે,
કૃપા મેળવી શક્યો તમારી તે કોઇથી કેમ ડરે?

તમારે શરણ આવી મુજને કોઇયે ભય છે જ નહીં,
છાયા પામી દિવ્ય તમારી કોઇ ચિંતા છે જ નહીં;
પાગલ હું તો પ્રેમી મારી એક જ ઇચ્છા વ્યક્ત કરું,
અનંત કાલ લગી સેવા હું તમારી સાનંદ કરું.

દિલદિલરૂબાપર સ્વર છોડી આરાધું પ્રેમે તમને,
તમારો બનું, અભેદ સાધું સાથ તમારી પૂર્ણપણે.

આ દેશમાં જે ઋષિ વીતરાગી,
થઇ ગયા પૂરણ ધન્યભાગી;

હરોળ તે સર્વતણી સુહાવું,
પ્રેમી તમારો જગને કહાવું!

કરે સદાયે યત્ન શરીર,
શમે પારકાની કે પીર,

આશીર્વાદ દઇ દો આજ,
પૂર્ણ થઇ જાયે શુભ કાજ.

○

# વિવેકાનંદે જોયેલો પ્યાલો

મહાત્મા યોગેશ્વરજી

વેદાંતકેસરી સ્વામી વિવેકાનંદ મહાન જ્ઞાની, કર્મયોગી તથા માનવતાપ્રેમી તો હતા જ. એમના દિલમાં દેશને માટે ને દુનિયાના બધા જ નાનામોટા પીડિત ને બંધનગ્રસ્ત જીવોને માટે લાગણી હતી એ પણ સાચું, પરંતુ એમના જીવનનું એક બીજું પાસું પણ હતું. અનંત આત્મબળ અને એની પાછળ એમના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસની કૃપા તથા એની પોતાની ઊંડી સાધના કામ કરતી હતી એ બહુ ઓછા માણસો જાણી શક્યા હશે.

એમના એ અદ્‌ભુત આત્મબળનો અથવા એમની અસાધારણ શક્તિનો પરિચય આપતો એક પ્રસંગ અહીં લખી રહ્યો છું. તેના પરથી એ મહાપુરુષને માટે આપણા દિલમાં માન પેદા થશે. એટલું જ નહિ, પરંતુ વિવેકાનંદને જોવાની કે મૂલવવાની એક નવી જ દૃષ્ટિ પણ મળી રહેશે.

એ પ્રસંગ કોઇ સામાન્ય મનુષ્યે નથી લખેલો, પરંતુ વિવેકાનંદ પછી લાંબે વખતે અમેરિકા ગયેલા તથા ત્યાં વરસો સુધી રહેલા સ્વામી યોગાનંદે વર્ણવ્યો છે. એમની આત્મકથાના 'હું પશ્ચિમમાં પાછો ફરું છું.' પ્રકરણમાં એ અમર છે.

યોગાનંદજી જ્યારે ભારતની મુલાકાત લઇને અમેરિકા પાછા ફર્યા ત્યારે ત્યાંના ભક્તો તથા શિષ્યોને માટે કેટલીક ભેટો લઇ ગયા.



પોતાના ભક્તોમાંના એક મિસ્ટર ડીકીન્સને એમણે એક ચાંદીનો પ્યાલો અર્પણ કર્યો.

તે જોઇને ડીકીન્સને આનંદના ઉદ્‌ગાર કાઢ્યા, 'આ ચાંદીના પ્યાલાની હું છેલ્લા તેંતાલીસ વરસથી પ્રતીક્ષા કરતો'તો...'

યોગાનંદે પૂછ્યું, 'કેવી રીતે?'

એમણે કહ્યું, 'વાત ઘણી લાંબી છે, અને અત્યાર સુધી મેં એને મારા હૃદયમાં સાચવી રાખી છે. મારી ઉંમર ફક્ત પાંચ વરસની હતી ત્યારે મારા મોટા ભાઇએ મને રમતાં રમતાં પંદર ફૂટ ઊંડા પાણીમાં ધક્કો માર્યો. તે વખતે હું ડૂબવાની તૈયારીમાં હતો. ત્યારે મને કોઇ રંગબેરંગી પ્રકાશ દેખાયો અને એની વચ્ચે કોઇ શાંત પ્રસન્ન નેત્રો વાળી માનવઆકૃતિનું મને દર્શન થયું. પછી તો મારા ભાઇ તથા મારા મિત્રોની મદદથી હું બચી ગયો.

'એ પછી બરાબર બાર વરસે, મારી ઉંમર સત્તર જેટલી હતી ત્યારે, મારી માતા સાથે મારે ચિકાગો જવાનું થયું. ઇ. સ. ૧૮૯૩ માં તે વખતે ત્યાં સર્વ ધર્મપરિષદ ચાલતી હતી. મારી માતા સાથે એક દિવસ મુખ્ય રસ્તા પરથી પસાર થતી વખતે મેં અચાનક બીજી વાર એ પ્રબળ પ્રકાશનું દર્શન કર્યું. રસ્તાથી થોડેક દૂર મને એક માણસ દેખાયા જેમને મેં સ્વપ્નમાં વરસો પહેલાં જોયા હતા એ સભાખંડ તરફ ચાલ્યા ને અંદર પ્રવેશ્યા.

'માતા!' મેં મારી માતાને કહેવા માંડયું, 'હું પાણીમાં ડૂબતો હતો ત્યારે આજ માણસે મને દર્શન આપેલું.'

અમે સભાખંડમાં પ્રવેશ્યા એ માણસ પ્લેટફોર્મ પર બેઠા હતા અમને માહિતી મળી કે એ સ્વામી વિવેકાનંદ હતા. એમના પ્રેરણાત્મક પ્રવચન પછી હું એમને મળવા ગયો. એ મને લાંબા

વખતથી ઓળખતા હોય તેમ મારી તરફ જોઈને હસ્યા. મારે એમને ગુરુ કરવા'તા, પરંતુ મારા વિચારને વાંચી લઈને એના ઉત્તરરૂપે એ કહેવા માંડયા :

'ના, હું તારો ગુરુ નથી. તારા ગુરુને આવવાની હજી વાર છે. તે પાછળથી આવશે ને તને ચાંદીનો પ્યાલો આપશે.'

થોડી વાર અટક્યા પછી એમણે સ્મિતપૂર્વક કહેવા માંડયું, 'એ તારા પર તું આજે અનુભવી શકવાને યોગ્ય છે...એથી પણ વિશેષ કૃપા વરસાવશે.'

એ પછી અમે ચિકાગો છોડયું અને મહાન સ્વામી વિવેકાનંદની મુલાકાત ફરી ન થઈ. વરસો વીતી ગયાં, છતાં કોઈ ગુરુ ના મળ્યા ત્યારે ઈ. સ. ૧૯૨૫ માં એક રાતે ગુરુને માટે મેં અત્યંત ઉત્કટભાવે પ્રાર્થના કરી. થોડાક કલાક પછી સંગીતના સુંદર સરોદો સાથે કોઈએ મને નિદ્રામાંથી જગાડયો.

બીજે દિવસે સાંજે જીવનમાં પહેલી જ વાર મેં અહીં લોસ એન્જેલીસમાં તમારું પ્રવચન સાંભળ્યું અને મને ખાતરી થઈ કે મારી પ્રાર્થનાનો સ્વીકાર થયો છે. છેલ્લા અગિયાર વરસથી હું તમારો શિષ્ય થયો છું. ચાંદીના પ્યાલાની વાત યાદ કરીને મને વારંવાર વિસ્મય થતું. કેટલીક વાર એમ પણ થતું કે વિવેકાનંદના શબ્દોનો ફક્ત ભાવાર્થ જ લેવાનો હશે. પંરતુ નાતાલની રાતે તમે ચાંદીના પ્યાલાવાળી પેટી આપી, ત્યારે મારા જીવનમાં મને ત્રીજી વાર એ પ્રબળ પ્રકાશનું દર્શન થયું. બીજી જ ક્ષણે મારી નજર ચાંદીના પ્યાલા પર પડી જેને વિવેકાનંદની દિવ્ય દૃષ્ટિ તેંતાલીસ વરસ પહેલાં જોઈ ચૂકી હતી. વિવેકાનંદના શબ્દોનું સાચું રહસ્ય મને ત્યારે જ સમજાયું. □

## * દિવ્ય સંદેશ *

હે માનવ, જીવનમાં અખૂટ કે અનંત આનંદની ઉપ-લબ્ધિ કર. ખૂબ પ્રેમથી જીવ. ઉલ્લાસથી આગે બઢ. ને તારા મૂળ આદર્શ ઈશ્વર તરફ–પૂર્ણતા તરફ પ્રયાણ કર. રાત હોય કે દિવસ, તાપ હોય કે છાંય, સલામતીનું સપાટ મેદાન હોય કે મુશ્કેલીની કાંકરાભૂમિ કે દુઃખના ડુંગર હોય; બધામાં પ્રસન્ન રહી, પ્રેરણાના પિયૂષનું પાન કરી, વિકાસ કર. માર્ગમાં ક્યાંક ઉત્તમ સુંદર વન આવશે તો ક્યાંક દિલને ડોલાવી નાંખનારાં શહેર, ગામ કે કુદરતનાં દૃશ્યો આવશે. કોઈના હર્ષોલ્લાસ જોવા મળશે તો કોઈના પોકાર ને કોઈ દીનદુઃખીની આહ પણ સંભળાશે, કશાથી ચલિત કે ચંચલ થયાવિના વહ્યે જજે, કોઈ ફૂલ ધરે, આરતી કરે, કે સ્તુતિના બે બોલ કહે તોપણ રોકાઈ ના રહેજે. ને કોઈ થૂંકે, અપ-માન કરે, નિંદે કે પ્રહાર કરે તોપણ દુઃખી ના બનજે. વિશ્વ-ની વિવિધતા કે વિચિત્રતાનો એને પણ એક પ્રકાર માનીને કોઈને દુવા દીધા વિના કે અભિશાપ આપ્યા વિના આગળ ને આગળ ધપ્યે જજે. સર્વને માટે મધુર થઈને વહાલ ને વૈમનસ્ય બંનેને તિલાંજલિ આપી, પ્રેમમાં પ્રતિષ્ઠિત થઈને અનંત અમર જીવનની યાત્રાને ચાલુ રાખજે.

યોગેશ્વરજી

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

## * ગરીબી–અમીરીના રોગ *

ભારતમાં ગમે ત્યાં જાઓ, ગરીબીનું દર્શન એક સર્વ-વ્યાપક દેવતાની જેમ થવાનું. મારા દેવતા શબ્દના પ્રયોગથી કોઈએ ચમકવાનું નથી. કેમ કે દેવતા સારા ને નરસાબંને જાતના હોય છે. તે માણસને તારે છે એમ જ નથી. એને અધોગતિમાં નાંખવાનું ને મોહાંધ કરવાનુ કામ પણ તે કરતા હોય છે. ગરીબીનાં દૃશ્યો જોઈને મારું દિલ પીગળી જાય છે. મુંબઈ ને કલકત્તા, મદ્રાસ, રામેશ્વર ને સીમલા–ઠેઠ બદ્રીનાથ ને કૈલાસ સુધી આ ગરીબી ભારતમાં ફેલાયેલી છે. આ દેશના લોકો સુખી ને ભૌતિક રીતે સમૃદ્ધ ક્યારે થશે? એ દિવસ જોવા હું ખૂબ આતુર છું. જ્યારે દરેકને પૂરતાં અન્નવસ્ત્ર ને રહેઠાણ મળશે, વિદ્યાનાં સાધન ને સંસ્કાર જડશે, ત્યારે જ આ દેશ દેવોને પ્રિય બનશે. ગરીબીનો રોગ ભયંકર છે, પણ અમીરીનો રોગ ઓછો ભયંકર નથી. તેને મહાભયંકર કહેવો જોઈએ. જો સંભાળે નહીં તો માનવ તેના પાશમાં ફસાઈને માનવતા ખોઈ દે છે. અમીરીનો દેવતા પણ આપણે ત્યાં ફેલાયેલો છે ને ફેલાતો જાય છે. પણ કોઈ દેશ એકલી ભૌતિક સમૃદ્ધિથી કે અમીરી જીવનથી મહાન કહેવાતો નથી. મુખ્ય વસ્તુ માનવનું હૃદય છે. માનવના નૈતિક અને આધ્યાત્મિક સંસ્કાર જે તેને મહાન બનાવે છે તે છે. એને જીવંત રાખીને તેની આસપાસ ભૌતિક સુખસમૃદ્ધિ વિકસે એ ઉત્તમ કહેવાય. માનવનો એવો ભૌતિક અને આધ્યાત્મિક વિકાસ ભારતે સાધ્યો હતો ને ફરી સાધી બતાવશે એવો મને વિશ્વાસ છે. સંસાર પણ એ માર્ગે વળશે.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, **ભાવનગર–૧.**